પ્રિય વાચકો,

આ અંકમાં આપણે આપણાં લગ્નપ્રસંગોની ઉજવણી વિષેના તાર્કિક કારણોમાં ડોકિયું કર્યું. ગાંધીજીના સમયથી લઈ આજનાં સમયમાં લગ્નપ્રસંગો કઈ રીતે ઉજવાય છે એ પણ તપાસ્યું. લગ્ન એક પવિત્ર બંધન છે અને બે કુટુંબોને જોડતો પવિત્ર ઉત્સવ એમાં બેમત નથી. પરંતુ, ગાંધીજીએ નોંધ્યું છે કે લગ્નની ઉજવણી કેવળ વડીલોની સગવડ અને આર્થિક ક્ષમતાની જ વાત હોય છે. એમને પરણવાનો ઉત્સાહ હતો અને વડીલો કરે છે એ ત્યારે બરાબર જ. લાગતું. આજનાં સંદર્ભમાં સોનલ પરીખે દાખલો આપી જણાવ્યું છે કે ક્યારેક એવું નથી હોતું. બાળકો વડીલોને વિવેકથી સમજાવી કહે છે ભણાવી-ગણાવી તેઓએ જવાબદારી પૂરી કરી છે હવે લગ્નપ્રસંગની ઉજવણી એ સંપૂર્ણપણે બાળકોની પસંદગીની વાત છે. સોનલબેનના મતે ભરપૂર ઉમંગ, પૂરેપૂરો ઉમળકો છતાં ઉજવણી વિચારપૂર્વક, સંયમપૂર્વક અને સમજપૂર્વક થવી જોઈએ.

પ્રીતિબેન એમના લેખ દ્વારા લગ્નની ઉજવણીમાં કરકસર ક્યાં અને કઈ રીતે કરાય તેની વાત કરે છે. પણ અહીં પ્રશ્ન એ નથી. કરકસર કરવી જરૂરી છે? કોણે અને ક્યારે કરવી જોઈએ? સુખી-સંપન્ન લોકો શા માટે કોઈ કસર રાખે એ પ્રશ્નો છે?

સંસ્કૃતિની નદીમાં પેઢી દર પેઢી નવા મૂલ્યો, વિચારો, રીત-રિવાજો ઉમેરાવાનાં જ છે તે ડૉ. ખેવનાબેનની વાત અસ્થાને નથી. તેમના મતે એક સમાન રીત-રીવાજોવાળાં લગ્નો કરવાનો જે જુવાળ ફાટ્યો છે એમાં પ્રસંગોમાં બેફામ ખર્ચા કરવાની હોડ લાગી છે — એ વાત પણ તદ્દન સાચી છે. આ લખલૂટ ખર્ચ માટે ઘણીવાર સામાજિક મોભાની રૂએ માબાપે કરજના બોજ તળે દબાવું પડે છે. આપણામાંથી એ અજાણ નથી કે ખેડૂતોની આત્મહત્યાનું મુખ્ય કારણ લગ્ન વખતે લીધેલા ન ચૂકવી શકાય એવા કરજનો બોજ હોય છે.

લગ્ન પ્રસંગોની ઉજવણી રોજગાર સર્જે છે પણ અનેક દૂષણો જન્માવતી ઉજવણીએ ઉપજતો રોજગાર શરમજનક જ ગણાય. મિહીરભાઈએ બહુ સાચી વાત કરી છે કે આપણે જે રીતે લગ્નપ્રસંગ ઉજવીએ છીએ તે પરથી આપણા વ્યક્તિત્વની ઓળખ થાય છે અને આપણે જે નથી એ દેખાડવાના ઉધામા સરવાળે મોંઘા પડે છે. ખર્ચની બાબતમાં આજની પેઢીએ ખરેખર નવેસરથી વિચારવું જોઈએ.

સોનલબેન અને ખેવનાબેન બંને એમ ચોક્કસપણે માને છે કે લગ્નનાં પવિત્ર બંધનની પવિત્રતા અને ગરિમા જાળવવાની જવાબદારી એ બંધનમાં જેઓ જોડાવાના છે એની જ છે અને ખેવનાબેન તો એથી આગળ વધીને કહે છે કે એ પ્રાથમિક જવાબદારી છે.



જાગૃતિબેન ફડિયા

લગ્નની ઉજવણી કઈ રીતે કરવી એ વ્યક્તિ સ્વાતંત્ર્યની વાત છે છતાં એ કરતી વખતે થોડા સજાગ રહીએ એ બહુ જરૂરી છે.

(email : jagrutifadia@gmail.com)





# ૧. બાળવિવાહ

**મહાત્મા ગાંધી**

અમે ત્રણ ભાઈઓ હતા એ વાંચનારે જાણ્યું છે. તેમાં સૌથી મોટા પરણી ચૂક્યા હતા. વચેટ મારાથી બે કે ત્રણ વર્ષ મોટા હતા. તેમના, મારા કાકાના નાના દીકરા જેમની ઉંમર મારા કરતાં કદાચ એકાદ વર્ષ વધારે હશે તેમના, અને મારા એમ ત્રણ વિવાહ એકસાથે કરવાનો વડીલોએ નિશ્ચય કર્યો.

આમાં અમારા કલ્યાણની વાત નહોતી. અમારી ઈચ્છાની તો હોય જ નહીં. આમાં કેવળ વડીલોની સગવડની અને ખર્ચની વાત હતી.

હિંદુ સંસારમાં વિવાહ જેવી તેવી વસ્તુ નથી. વરકન્યાનાં માબાપો વિવાહની પાછળ ખુવાર થાય છે, ધન લૂંટાવે છે અને વખત લૂંટાવે છે. મહિનાઓ અગાઉથી તૈયારીઓ થાય. કપડાં બને, દાગીના બને, નાતો જમાડવાના અડસટ્ટા નીકળે, ભોજનની વાનગીઓની હરીફાઈ થાય. બૈરાંઓ, સૂર હોય કે ન હોય તોપણ, ગાણાં ગાઈ ગાઈ પોતાના સાદ ખોખરા કરી મૂકે, માંદાં પણ પડે, પાડોશીની શાંતિમાં ભંગાણ પાડે. પાડોશી બિચારા પોતે પણ પોતાને ત્યાં અવસર આવે ત્યારે એવું જ કરવાના હોય એટલે ઘોંઘાટ, એંઠવાડ, બીજી ગંદકીઓ, બધું ઉદાસીનભાવે સહન કરે.

આવી ધમાલ ત્રણ વખત કરવાને બદલે એક જ વખત કરી હોય તો કેવું સારું? ખર્ચ ઓછો થાય છતાં વિવાહ શોભે. કેમ કે ત્રણ વિવાહ સાથે થાય એટલે છૂટથી દ્રવ્ય ખર્ચી શકાય. પિતાશ્રી અને કાકાશ્રી વૃદ્ધ હતા. અમે તેમના છેલ્લા છોકરા, એટલે અમારા વિવાહ કરવાનો લહાવો લેવાની પણ વૃત્તિ ખરી. આ અને આવા વિચારોથી આ ત્રણે વિવાહ સાથે કરવાનો નિશ્ચય થયો, અને તેમાં મેં જણાવ્યું તે પ્રમાણે, તૈયારીઓ અને સામગ્રીઓ તો કેટલા માસ થયાં ચાલી રહેલી.

અમે ભાઈઓએ તો કેવળ તૈયારીઓથી જ જાણ્યું કે વિવાહ થવાના છે. એ વેળાએ મને તો સારાં કપડાં પહેરશું, વાજાં વાગશે, ફુલેકાં ચડશે, સારાં ભોજનો મળશે, એક નવી બાળા સાથે વિનોદ કરશું, વગેરે અભિલાષા ઉપરાંત બીજું વિશેષ હોય એવું સ્મરણ નથી. વિષય ભોગવવાની વૃત્તિ તો પાછળથી આવી. તે કેમ આવી તે હું વર્ણવી શકું છું, પણ એવી જિજ્ઞાસા વાંચનારે ન રાખવી. આ મારી શરમ ઉપર હું પડદો નાખવા ધારું છું. કેટલુંક જે જણાવવા જેવું છે તે હવે પછી આવશે. પણ એ વસ્તુની વિગતોને મેં જે મધ્યબિંદુ મારી નજર આગળ રાખેલું છે તેની સાથે થોડો સંબંધ છે.

અમને બે ભાઈઓને રાજકોટથી પોરબંદર લઈ જવામાં આવ્યા. ત્યાં જે પીઠી ચોળવા ઈત્યાદિના વિધિ થયા એ બધું, જો કે રમૂજી છે છતાં, મૂકી દેવા યોગ્ય છે.

પિતાશ્રી દીવાન છતાં નોકર. વળી રાજપ્રિય, એટલે વધારે પરાધીન. ઠાકોરસાહેબ છેલ્લી ઘડી સુધી જવા ન દે. છેવટે જ્યારે જવા દીધા ત્યારે ખાસ ટપ્પા ગોઠવ્યા અને બે જ દિવસ અગાઉ મોકલ્યા. પણ — ! પણ દૈવે બીજું જ ધારેલું. રાજકોટથી પોરબંદર ૬૦ ગાઉ છે. ગાડા વાટે પાંચ દિવસનો રસ્તો હતો. પિતાજી ત્રણ દિવસમાં આવ્યા. છેલ્લી મજલમાં ટાંગો ઊંધો વળ્યો. પિતાજીને સખત વાગ્યું : હાથે પાટા, પૂંઠે પાટા, વિવાહમાંથી તેમનો અને મારો અર્ધો રસ ગયો. પણ વિવાહ તો થયા જ. લખેલાં મુર્હૂત કાંઈ ફરે? હું તો વિવાહના બાળઉલ્લાસમાં પિતાજીનું દુઃખ ભૂલી ગયો!

પિતૃભક્ત તો ખરો જ. પણ વિષયભક્ત પણ એવો જ ના? અહીં વિષયનો અર્થ એક ઈન્દ્રિયનો વિષય ન કરાય પણ ભોગોમાત્ર. માતાપિતાની ભક્તિ પાછળ સર્વ સુખનો ત્યાગ કરવો જોઈએ એ ભાન હવે પછી આવવાનું હતું. આમ છતાં કેમ જાણે મારે આ ભોગેચ્છાની શિક્ષા જ ભોગવવાની હોય નહીં, તેવી રીતે મારી જિંદગીમાં એક અવળો પ્રસંગ બન્યો, જે મને આજ લગી સાલે છે. જ્યારે જ્યારે નિષ્કુળાનંદનું

ત્યાગ ન ટકે કે વૈરાગ વિના,
કરીએ કોટિ ઉપાયજી

ગાઉં છું અથવા સાંભળું છું ત્યારે ત્યારે એ અવળો અને કડવો પ્રસંગ મને યાદ આવે છે ને શરમાવે છે.

બાપે થપાટ મારીને મોઢું લાલ રાખ્યું. શરીરે પીડા ભોગવતા છતાં વિવાહમાં ભાગ પૂરો લીધો. પિતાજી કયે કયે પ્રસંગે કઈ કઈ જગ્યાએ બેઠા હતા એ બધું મને જેવું ને તેવું હજી યાદ છે. બાળવિવાહનો વિચાર કરતાં પિતાના કાર્યની જે ટીકા મેં આજે કરી છે તે કંઈ મારા મને તે વેળા થોડી જ કરી હતી? તે વેળા તો બધું યોગ્ય ને મનગમતું લાગતું હતું. પરણવાનો શોખ હતો, અને પિતાજી કરે છે એ બરાબર જ છે એમ લાગતું. તેથી તે વખતનાં સ્મરણો તાજાં છે.

('સત્યના પ્રયોગો'માંથી, ગાંધીજી)

---

**ખાસ નોંધ**

કોઈ પણ પુસ્તિકાની વધારાની નકલ મંગાવતાં પહેલાં કિંમત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.



# ૨. માંગલ્ય એથી બધું

## સુરેશ દલાલ

લગ્ન એટલે પરિચયથી પ્રણય. ઓળખથી આત્મીયતા. હસ્તમેળાપથી હૃદયમેળાપ અને લગનીથી લગ્ન. લગ્ન કેવળ સમાજની સાક્ષીએ નહીં પણ સમજણની સાક્ષીએ થવાં જોઈએ. લગ્નના સમારંભો થાય છે. ક્યારેક વધુ પડતા ઠાઠઠઠારા સાથે. માણસમાત્ર ઉત્સવપ્રિય છે. મોભાદાર કંકોતરી છપાય છે. સંગીતના જલસાઓ રખાય છે. મેંદીના કાર્યક્રમો યોજાય છે. આમાં કશું ખોટું કે ટીકાપાત્ર એવું નથી રહેતો, પણ જ્યારે વેલ્થનો વલ્ગર શો થાય છે ત્યારે કશુંક મનમાં ખટકે છે પણ ખરું. માણસનું સામાજિક અહમ્ પોસાય છે. માણસનો પોતાનો રળેલો પૈસો છે. એને ગંગામાં નાખો કે ગટરમાં નાખો, એ પસંદગી પોતાની છે. કોઈ પણ વસ્તુનો અતિરેક થાય ત્યારે સત્ય વિકૃત થતું હોય છે. વૃક્ષોને બત્તી પહેરાવવામાં આવે છે, જેથી હૃદયનો અંધકાર ઓળખાઈ ન જાય.

લગ્ન પવિત્ર છે. એની પવિત્રતા જળવાય એ જ મહત્ત્વનું છે. ધામધૂમથી થયેલાં લગ્નો માત્ર રિસેપ્શન, વીડિયો કે ફોટોગ્રાફ્સ પૂરતાં ન રહેવાં જોઈએ. લગ્નની વિધિને ઊંડાણથી કેટલા સમજે છે? પુરોહિતો અને ગોરમહારાજો અભદ્ર ઉચ્ચારમાં સંસ્કૃત શ્લોકો ગણગણાવે છે. આમાં કોઈ અપવાદ પણ હશે. પહેલાંના જમાનાનાં લગ્ન અને આજના જમાનાના લગ્નમાં આસમાન-જમીનનો તફાવત છે. પહેલાં ઘરના અને ગામના માણસો ભેગા મળીને પોતે જ કામ કરતા. જમાનો બદલાયો છે. હવે દરેકનો કોન્ટ્રેક્ટ અપાય છે. ડેકોરેશન વધી ગયું છે. જમવામાં દેશી, ચાઈનીઝ, ઈટાલિયન - આમ અનેક પ્રકારની વાનગીઓ પીરસાય છે. વૈવિધ્ય ઘણું છે. લગ્નો મોંઘાંદાટ થાય છે. સાદગીથી પણ લગ્ન થઈ શકે. અપની અપની પસંદ. આપણા દરેક તહેવારમાં ઘોંઘાટનું જેટલું મહત્ત્વ છે એટલું બીજાનું નથી. એક જમાનામાં વરરાજા આવે ત્યારે સામાન્ય રીતે જ્યુથિકા રેની એક રેકર્ડ મુકાતી : 'ઘુંઘટ કા પટ ખોલ, રે તોહે પિયા મિલેંગે.' હવે બારાત આવે છે ત્યારકે બેન્ડવાજાં વાગતાં હોય છે. પેટની બાલ્કની દેખાતી હોય એવા પુરુષો અને અથાણાની બરણી જેવી સ્ત્રીઓ માંડવે આવે એ પહેલાં જેટલું નચાય એટલું નાચી લે છે. આમાં નમણી નાજુક કન્યાઓ પણ હોય છે એની ના નહિ. પણ રસ્તા પર નાચતાં બધાં જ કંઈ નજાકતભર્યાં નથી હોતાં. હવે તો એક જ ગીત બેન્ડનાજામાં વાગે છે - 'બહારો ફૂલ બરસાઓ, મેરા મહબૂબ આયા હૈ' કે આવા જ ભાવનું બીજું કોઈ ગીત ગવાય છે.

રમણલાલ દેસાઈના પુત્ર અક્ષયકુમાર દેસાઈ જ્યાં કન્યાદાન શબ્દ વપરાયો હોય એવા લગ્નમાં જતા નહીં. એ સમાજશાસ્ત્રી હતા. માનતા કે કન્યા એ દાનમાં આપવાની વસ્તુ નથી અને આમ એ પોતાના સિદ્ધાંતને જીવનભર વળગી રહ્યા.

લગ્ન ઊજવવાની અનેક રીત છે. ચાંદલાની પ્રથા શરૂ થઈ એનો મૂળ હેતુ કદાચ આવો હશે કે જેને ત્યાં લગ્નનો પ્રસંગ હોય એ કદાચ પૂરતો ખર્ચો ન ઉપાડી શકે તો ચાંદલાની પ્રથાને કારણે લગ્નના ખર્ચાનો બોજો હળવો થાય. એક જમાનામાં બે, પાંચ કે અગિયાર રૂપિયા ચાંદલો ભયો ભયો હતો. હવે તો મોભા પ્રમાણે ચાંદલો થાય છે. હજારથી માંડીને અગિયાર હજાર સુધી કે એથી પણ વિશેષ. એક જમાનો એવો હતો કે જ્યારે લગ્નમાં કનુ દેસાઈનાં ચિત્રોનું આલબમ આપવામાં આવતું. પછી લેમન સેટની પ્રથા થઈ. ક્રોકરી દુકાન ખોલી શકાય એટલી ભેગી થાય. એક જમાનામાં સાસ્કિનનો સૂટ પહેરવો એ વરરાજા માટે અનિવાર્ય હતું. હવે તો મોંઘાદાટ, ભપકાદાર સૂટનો જમાનો છે. મર્સિડીઝમાં ફરતો છોકરો ફેંટો બાંધીને જ્યારે ઘોડા પર બેસે છે ત્યારે થોડુંક વિચિત્ર લાગે છે. મુંબઈ આવતા પરદેશીઓ માટે આ જોવા જેવાં દૃશ્યો છે. કહેવાય છે કે દિલ્હીમાં તો લગ્નો મુંબઈને વટાવી જાય એવી શાનદાર રીતે થાય છે.

લગ્નમાં પુસ્તકો અપાય તો એ આદર્શ વસ્તુ છે. જીવનની સમજણ, જીવન આપે છે. અને અનુભવના અર્ક જેવાં પુસ્તકો આપે છે. અંગત વાત ક્ષમા સાથે કહું. મારા ભાઈ અરવિંદના લગ્ન ૧૯૫૩માં થયાં. ત્યારે હું બી.એ. માં ભણતો વિદ્યાર્થી હતો. એ સમયે મારા ભાઈને માટે ‘લહેરખી’ નામની પ્રસન્ન દાંપત્યના કાવ્યોની પુસ્તિકા કરી હતી. રિસેપ્શનમાં જે કોઈ આવે એને આ પુસ્તિકા વહેંચી હતી. લગ્ન ઊજવવાનો આ જ આદર્શ રસ્તો છે એવું કહેવાનો ઉદ્દેશ નથી, પણ દરેકે કશુંક મૌલિક શોધી કાઢવું જોઈએ. લગ્નમાં મંગલાષ્ટક ગવાય છે. રસિકલાલ પરીખના એક મંગલાષ્ટકની બે પંક્તિ મને બહુ ગમે છે :

સંસારે વિચરો પરસ્પર ધરી આસ્થા અને ધૈર્યથી
સ્હેજો એકબીજા તણી ઊણપને : માંગલ્ય એથી બધું.

બધું જોઈ શકું છું, પણ કન્યાવિદાયનું દૃશ્ય જોઈ શકતો નથી. આંખ ભીની થઈ જાય છે. એક કન્યા પોતાનું આખું વૃક્ષ ઉખેડીને કોઈ બીજાના ઘરના ફ્લાવરવાઝમાં રોપે એ અશક્ય નહીં, પણ મુશ્કેલ ઘટના છે. અને એ પણ હકીકત છે કે જે કન્યા પિયરની પાલખી છોડતી નથી એને સાસરાની સીડી મળતી પણ નથી.

(‘ઝલક પૂનમ’માંથી, સુરેશ દલાલ)



# ૩. શરણાઈના સૂર

## સુરેશ દલાલ

હજી નવેમ્બર અડધો પૂરો થયો ત્યાં લગ્નની સિઝન શરૂ થઈ ગઈ. ડિસેમ્બરમાં તો પુરબહારમાં ખીલશે. કેટલાંક સમજુ અને શાણા લોકો સાદી રીતે ઊજવે છે. તો કેટલાક બાદશાહીરૂપે ઊજવે છે. કેટલાક લગ્ન નિમિત્તે પોતાના વૈભવનું અશ્લીલ કહી શકાય એટલી હદે પ્રદર્શન કરે છે અને પોતાના વકરેલા સામાજિક અહંકારને ફેલાને છે - ચેપી રોગની જેમ. પૈસો એ માણસની પોતાની પેદાશ છે. એને ગંગામાં નાખો કે ગટરમાં નાખો એ એની અંગત બાબત છે. એના વિશે ઝાઝી ટીકાટિપ્પણ ન થાય. લગ્ન, રિસેપ્શન, શયનખંડનો આછો અંધકાર .. હનીમૂન ... મનીમૂન. કોઈક માથેરાન જાય, મહાબળેશ્વર જાય. કોઈ યુરોપ-અમેરિકા જાય. પોતપોતાના ગજા પ્રમાણે હનીમૂન ઊજવીને પાછા વળે. માણસમાત્રએ સમજી જવું જોઈએ કે જિંદગી આખી હનીમૂન નથી. લગ્ન પહેલાં અને લગ્ન પછી લગનીનું તત્ત્વ રહેવું જોઈએ.

આલ્ડસ હક્સ્લી નામના નવલકથાકારે એમની એક નવલકથામાં લખ્યું હતું કે લગ્નની પહેલી રાતે વર અને વહુ લગ્નની સોગાતરૂપે એકમેકને પોતાનું કૌમાર્ય આપે છે. લગ્ન વિશે અનેક વ્યક્તિઓએ લખ્યું છે. ઉત્તમ લગ્ન એ કહેવાય કે બે વ્યક્તિઓ એકમેકમાં ઝાડની ડાળીની જેમ પરસ્પર ગૂંથાઈ જાય. પરસ્પર ગૂંથાઈ જવાને બદલે જો ગૂંચવાઈ જાય તો શયનખંડ દહનખંડ થઈ જાય છે. સપ્તપદીનો ધુમાડો એક જુદી આગમાં પરિણમે છે. સપ્તપદી તપ્તપદી થઈ જાય છે. રોમેરોમમાં એક વાર શરણાઈ વાગી તે વાગી. ચાર હોઠના ચુંબનનો ચંદરવો રચાઈ જાય છે. લગ્ન એટલે માત્ર બે શરીરનું મિલન નહીં પણ બે આત્માનું મિલન. શરીર તો માધ્યમ છે. બે આત્મા મળે એનાથી મોટી વાત કોઈ નથી. સંતાનો દ્વારા પોતાનો વંશવેલો વધતો હોય છે. સંતાનો એ કેવળ વાસનાનું પરિણામ નહીં પણ આત્માની ઉપાસનાનું પરિણામો હોવું જોઈએ, તો જ લગ્નને અને સંસારને પરિણામ મળે. નેથેલિયન હોથોર્ન નામના અમેરિકન નવકથાકારે લખ્યું છે કે લગ્ન સુખી અને પવિત્ર બંને હોવાં જોઈએ. એક જ ઓશીકા પર માથું ઢાળીને બે જણ એકમેકને પ્રેમ કરે એનાથી ઉત્તમ વાત કઈ હોઈ શકે? એમ કહેવાય છે કે ઉત્તમ પતિ-પત્ની વૃદ્ધાવસ્થામાં એકમેક જેવા લાગતાં હોય છે. ઉત્તમ લગ્નમાં એક અનુપમ મૈત્રી રચાતી હોય છે. બંને વચ્ચે વાત વિના વાત ચાલતી હોય છે. ઓળખથી આત્મીયતા સુધી પહોંચવાની ઘટના છે. બંને વચ્ચે મૂંગો સંવાદ થતો હોય છે. લગ્ન એટલે બે વ્યક્તિઓનું સંગીત

જેને બે વ્યક્તિ એક થઈને સાંભળ્યા કરે છે. જે માણસ પોતાની જાતથી છૂટાછેડા લે છે એ જ માણસનું લગ્નજીવન સફળ થાય છે. લગ્ન એટલે એકમેકનું ઝીણું ઝીણું જતન. અને એકમેક માટેની ઝીણી ઝીણી ચિંતા. લગ્ન એટલે કોરી ફરજ નહીં પણ પ્રેમથી એકમેકને નિભાવી લઈએ તો લગ્નજીવન આપોઆપ સુંદર થઈ જાય. સ્ત્રી અને પુરુષ એકમેકને પરણે છે ત્યારે જાણે કે રાજારાણી જેવાં થઈ જાય છે. લગ્ન એટલે સામાજિક બંધન નહીં પણ એકમેકને મુક્તિ આપવાનો મહિમા. લગ્ન એટલે માલિકી નહીં. લગ્ન એટલે નર્યો પ્રેમ અને પ્રેમભરી સમજણ. જ્યાં પ્રેમનું વર્ચસ્વ છે ત્યાં જીવનનું સારસર્વસ્વ છે. એક જણે કહ્યું કે સફળ લગ્ન હું એને કહું, જેમાં બે માણસ એકની એક વ્યક્તિ સાથે વારંવાર પ્રેમમાં પડે. લગ્ન એટલે કાળા વાળથી ધોળા વાળ સુધી આનંદથી જવાની સહયાત્રા. અંતે આ ગીત.

કરોડપતિ જોવાનું ડોસી કદી ચૂકે નહીં, એના સપનામાં આવે અમિતાભ
પડખામાં ડોસાનાં નસકોરાં બોલે ને નીંદરમાં શુભ અને લાભ
અમિતાભે ડોસીને પૂછ્યો સવાલ : અહીં આવ્યું છે તમારી સાથે કોઈ?
ડોસીએ અમિતાભાને ડોસો બતાવ્યો : ને ડોસો હરખથી રહ્યો રોઈ.
આટલાં વરસથી તમે સાથે રહો છો, તો ઝઘડ્યાં છો ક્યારે, કાંઈ કહેશો?
લાઈફ લાઈન વાપરેલી ડોસીએ પૂછ્યું : મારા જીવતરથી તમે શું લેશો?
Bog B એ હોંશથી પૂછ્યો સવાલ! માજી, ભારતમાં ભાષાઓ કેટલી?
અમિતાભે 'લૉક' કિયા જાય એમ કીધું : પણ ડોસી તો સ્ક્રીન પર મ્હાલે
વહેલી પરોઢના સપનામાં બંને જણ રૂપિયાનો રાસ રમે તાલે.

(એકમેકના કૌમાર્યની સોગાત - આલ્ડસ હકરલી, ઝલક-અત્તર માંથી)

---

ગયે મહિને તમને મળ્યું : **જ્યોતિર્ગમય**

**મૂળ લેખક : આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

**કિંમત** રૂા. ૨૫.૦૦

આવતે મહિને તમને મળશે : **કળાનો આસ્વાદ**

**સંપાદક - મુનિ દવે**





## ૧. લગ્નપ્રસંગો - સામાજિક સ્વીકૃતિ કે શોખ?

ડૉ. ખેવના દેસાઈ

થોડાક સમય પહેલાં એક પરિચિતની કંકોત્રી આવી. જો કે એને કંકોત્રી કહેવી કે મામેરુ કે આણું કહેવું એ સમજાતું નહોતું. મસમોટા બોક્સમાં એક પછી એક ખાના ખૂલે ને ખાને ખાને સૂકો મેવો, મીઠાઈ ને છેક તળિયે એક નાનકડું પતાકડું, જેને એ લોકો કંકોત્રી કહેતા હશે, જેમાં લગ્નોત્સુક જોડકું. લગ્ન સ્થળ અને યજમાનના નામ સાથે બે ચાર ચવાયેલી કવિતાઓની પંક્તિઓ હતી. આવું આમંત્રણ તો સ્વીકારવું જ રહ્યું એમ માનીને જ્યાં લગ્ન સ્થળ પર નજર ફેરવી ત્યાં આંખ પહોળી થઈ ગઈ ને હૃદય ધબકારો ચૂકી ગયું. એક સાવ અજાણ્યા આઈલેન્ડ પર હસ્તમેળાપ થવાનો હતો. યજમાન સંગીતના રસિયા એટલે જાણીતા પોપ ગાયકને એના આખા રસાલા સાથે લગ્નની આગલી રાતે પાર્ટીમાં (છાંટોપાણીવાળી સ્તો) લઈ જવામાં આવવાનો હતો. પાછા લગ્ન તો વૈદિક વિધિ વિધાનથી જ કરવાનો આગ્રહ રાખતા. આપણા યજમાન સાથે સંસ્કૃત શ્લોકના મંત્રોચ્ચાર સાથે લગ્નવિધિ કરાવતી એક ટીમ પણ જોડાવાની હતી. કેવો સરસ સુમેળ સંસ્કૃતિ અને સામાજિક દંભનો!!!

લગ્ન નિઃશંકપણે આનંદ અને ઉત્સાહનો પ્રસંગ છે અને આ મંગલ પ્રસંગને સામાજિક સ્વીકૃતિ મળવી પણ એટલી જ આવશ્યક છે. લગ્ન સામાજિક જીવનનો એક મુખ્ય પડાવ છે. કુટુંબ જીવનમાં પ્રવેશ આપનાર કુંચી છે. અને એ કુંચી સાથે નવજીવનનું તાળું ઉઘડતા સમયે કુટુંબીઓ, સગાવ્હાલાઓ, મિત્રો અને સામાજિક પરિચિતોની હાજરી હોવી એ આપણી સમાજવ્યવસ્થાનો વણલખ્યો નિયમ છે. પણ એ કુંચી જ્યારે તાળું ઉઘાડવા જ નહીં પણ પોતાની તિજોરીનો વૈભવ દેખાડવાનું દ્યોતક બની જાય તો પછી એ એની અસ્મિતા અને ગરિમા ખોઈ બેસે છે. સામાજિક સ્વીકૃતિનો પ્રસંગ સામાજિક દંભમાં ફેરવાઈ જાય છે. આનંદ કરતા અભિમાનનાં ઓળા ઉતરે છે અને એક આંધળુકિયા અમલમાં પ્રસંગની કે સંસ્થાની પવિત્રતા ખોવાઈ જાય છે.

સંસ્કૃતિ વહેતી નદી જેવી છે. જેમાં પેઢી દર પેઢી નવા મૂલ્યો, નવા વિચારો, નવા રીત રીવાજો ઉમેરાતા જાય છે. ને એ જ કારણ છે કે આપણી સંસ્કૃતિ બંધિયાર ન રહેતા વહેતી રહી હોવાને લીધે જ ટકી રહી છે. પણ કોઈ એકાદ પ્રદેશની સંસ્કૃતિ જે ખરેખર તો સામાજિક દૂષણ હોય એને પણ વધાવી લેવી કે સ્વીકારી લેવી કેટલી હદે યોગ્ય? આપણા દેશમાં કેટલાક પ્રદેશોમાં લગ્ન પ્રસંગ અઠવાડિયા કે મહિનાઓ સુધી ચાલતો તો કેટલાક પ્રદેશમાં (ખાસ કરીને કેરલ અને ઈશાન રાજ્યોમાં) એ કેટલાક કલાકોની જ વિધિમાં પૂરો

થઈ જતો. એ જ રીતે કેટલાક રાજ્યોમાં (ખાસ કરીને ઉત્તર અને ઉત્તર પશ્ચિમી) રાજ્યોમાં દિકરીને લગ્ન સમયે થતો ખર્ચ અને અન્ય ભેટ સોગાદો દિકરીના પિતાના પક્ષેથી જ અપાય એવો આગ્રહ રખાતો. આને દહેજ ન પણ કહીએ તો આ લગ્ન સમયનો ખર્ચ એક રીતનું દહેજ જ કહેવાય ને? ને એ બધાનો ભાર કોને માથે? દિકરીના પરિવારને માથે જ ને? મૂળભૂત રીતે અત્યંત સાદાઈપૂર્વક થતાં લગ્નોમાં દિકરીને 'સ્ત્રીધન' અપાતું જે વૈધવ્ય કે લગ્નવિચ્છેદ સમયે એની પોતીકી મૂડી બની રહેતું. જો કે ત્યારે પિતાની મિલકતનો વારસહક પણ આ એક જ પ્રકારે આપવામાં આવતો હતો. ત્યાર બાદ સ્ત્રીધને દહેજનું વરવું રૂપ લીધું અને લગ્ન જાણે એક સોદો બની ગયો. 'કરિયાવરને કાંઠા ન હોય' જેવી કહેવત ગુજરાતી સંસ્કૃતિમાં પ્રચલિત હોય એ આ દહેજના દૂષણને જ ઉજાગર કરે છે. દહેજ વિરોધી કાયદાઓ પછી પણ આજે ઉઘાડેછોગ કે ગર્ભિત રીતે (લગ્ન ખર્ચને નામે) કન્યા પક્ષ પર દબાણ લાવવામાં આવે છે.

આજે આખા દેશમાં એક સમાન રીતોવાળા એક સમાન રીવાજો ધરાવતા લગ્ન કરવાનો જે જુવાળ ફાટ્યો છે એમાં અઠવાડિયા સુધી નિરર્થક પ્રસંગ ઉપર પ્રસંગો ઉજવીને લખલૂટ ખર્ચા કરવાની હોડ લાગી છે. આને સમાજશાસ્ત્રીઓ homogenization of culture કહે છે. દા.ત. દક્ષિણ ભારતમાં મહેંદી અને સંગીત જેવા કોઈ પ્રસંગો લગ્નમાં આવરી લેવાતા નહીં પણ ઉત્તર ભારતીય લગ્નોની વિધીનો ટી.વી. ને સિનેમાના માધ્યમે થતો મારો અને તેનું આંધળું અનુકરણ કરવામાં હવે દક્ષિણ ભારતીયો પણ પાછળ રહેવા માંગતા નથી. આમ કરવાના એક તો પોતાની વિશિષ્ટ (unique) સંસ્કૃતિનું વૈશિષ્ટ્ય જળવાતું નથી ને નિરર્થક ખર્ચા થાય એ જુદા.

આમ તો મૂડીવાદીઓ આ trend ને રોજગારની તક ઊભો કરતો અર્થવ્યવસ્થાને ઉપયોગી ગણાવે છે. પણ એવો રોજગાર જે સમાજના એકાદ વર્ગને માથે બોજારૂપ બને એ સકારાત્મક trend કેવી રીતે કહેવાય? સમાજમાં અર્થશાસ્ત્રીઓ જેને 'band wagon effect' કહે છે એવી દેખાદેખીની અસર હેઠળ ભદ્ર સમાજ દ્વારા પોતાના કાળા નાણાંને સગેવગે કરવા માટે થઈને કરાતા ભપકાદાર લગ્નોને જોઈને મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગ જ્યારે આવા ખોટા ખર્ચા કરવા પ્રેરાય છે ત્યારે જ મુશ્કેલીઓની શરૂઆત થાય છે. એક તરફ રોજગાર ઊભી કરતી આ વ્યવસ્થા બીજી તરફ કરજનો બોજ વધારે છે. આપણે ક્યાં નથી જાણતા કે દેશના ખેડૂતોની આત્મહત્યાનું એક કારણ બાળકોના લગ્ન સમયે લીધેલ કરજ ચૂકવી ન શકવાનું પણ છે. મધ્યમ વર્ગમાં જ્યાં એક તરફ નાના કુટુંબનો આગ્રહ વધતો જાય છે ત્યાં આવા મસમોટા ખર્ચની ચિંતામાં એક કે એક કરતા વધુ દિકરીઓના જન્મની શક્યતા પણ ઘટતી જાય છે. તો વધતો કરજનો બોજ અને ઘટતી દિકરીઓની સંખ્યાને ભોગે ઉપજતો રોજગાર એ સામાજિક ન્યાય કહી શકાય?

લગ્નમાં થતાં ખર્ચા પર કાયદાકીય લગામ તાણવી એ કદાચ આર્થિક સ્વતંત્રતાના હક પર તરાપ મારવી જેવું લેખાશે અને આપણા માંધાતા મૂડીવાદીઓ આ નહીં ચલાવી લે



પણ આપણું આવકવેરા ખાતું લગ્ન પ્રસંગોમાં થતાં ખર્ચને પોતાના scanner હેઠળ લાવે તો જ કદાચ આ વ્યય, દંભ અને દોમ દોમ સાહ્યબીનો દેખાડો અટકી શકશે. કદાચ અનેક પ્રકારના Taxes સાથે લગ્નમાં અપાતી ભેટ સોગાદો પર પણ gift tax લગાડવો પડશે. સાદાઈથી અને છતાં ગરિમાપૂર્ણ લગ્નનું આયોજન કરીને સમાજઉદ્ધારકોએ દાખલો બેસાડવો પડશે. પ્રચાર-પ્રસાર માધ્યમોએ ભપકાદાર લગ્નોના પ્રદર્શન ના કરતાં આવા સાદગીભર્યા લગ્નોને એક આદર્શ લગ્ન તરીકે લોકો સામે મૂકવા પડશે. સરકારે 'કુંવરબાઈનું મામેરું' જેવી યોજના હેઠળ સરકાર દ્વારા લગ્ન સમયે અપાતો ખર્ચ કે ભેટ સોગાદો જે આવા ધામધૂમથી થતાં લગ્નોને જ પ્રોત્સાહન આપે છે તે તાત્કાલિક બંધ કરવી પડશે.

લગ્ન ખરાં અર્થમાં એક પવિત્ર બંધન હોય તો એની પવિત્રતા અને ગરિમા જાળવવાની ફરજ હવે જે આ બંધનમાં જોડાવાના છે એવી આવનારી પેઢીઓની અનેક ફરજોમાં મોખરે ગણાવી જોઈએ.

(હેડ ઓફ સોશિયોલોજી ડિપાર્ટમેન્ટ, મીઠીબાઈ કોલેજ, મુંબઈ)

## ૨. પવિત્ર ઉત્સવ

### ડૉ. પ્રીતિ જરીવાળા

લગ્ન એ માત્ર એક શુભપ્રસંગ નથી પણ બે કુટુંબોને જોડતો પવિત્ર ઉત્સવ છે. દરેક કુટુંબમાં દીકરો કે દીકરી પરણવા લાયક ઉંમરના થાય કે તેમને માટે યોગ્ય પાત્રની પસંદગી કરી તેના લગ્ન કરાવવા સૌ કુટુંબીજનો ઉત્સુક હોય. લગ્નપ્રસંગની ઉમળકાભેર રાહ જોવાની હોય. લગ્ન નક્કી થયા પછી હોંશભેર કેટકેટલી તૈયારી થતી હોય. લગ્નોત્સુક યુવાન કે યુવતીએ આ દિવસ માટે કેટકેટલાં સંપનાં જોયાં હોય. એના જીવનમાં આ દિવસ એક જ વાર આવવાનો હોય એટલે લગ્નની ઉજવણી તો જરૂરી છે. પરંતુ આ લગ્નની ઉજવણી દેખાદેખીથી નહીં પણ અરસપરસની સમજદારીથી ઓછામાં ઓછા ખર્ચે થાય એ જરૂરી છે.

જેમ કે કંકોત્રી એકદમ સાદી છપાવી શકાય. છેલ્લે તો એ પસ્તીમાં જ જવાની છે. મોંઘીદાટ કંકોત્રીઓ અને એની સાથે આપવામાં આવતી મીઠાઈ કે ભેટ ન આપી એ ખર્ચો બચાવી શકાય. ડેકોરેશન પણ એકદમ ઓછામાં ઓછું જરૂરિયાત પૂરતું જ રાખી શકાય. જેમ કે સાચાં ફૂલોના ડેકોરેશનને બદલે આર્ટિફિશિયલ ફૂલોના ડેકોરેશનથી ચલાવી શકાય. એમાં પણ ઘણો ખર્ચો બચી શકે.

એ જ રીતે લગ્નનિમિત્તે જે જમણવાર કે બુફે રાખવામાં આવે એમાં પણ ત્રણ-ચાર કેટેગરીના મેનુ હોય છે. એમાં પણ ઓછામાં ઓછી વાનગીઓવાળું મેનુ પસંદ કરી અન્નનો બગાડ અટકાવી શકાય. જમવાની ડીશ દીઠ ખર્ચો બચાવી શકાય.

એ જ રીતે લગ્નમાં પહેરવાના કપડાં અને દાગીનાં પાછળ સમજદારીથી ખર્ચો કરવો જોઈએ.

આમ લગ્નપ્રસંગ તો ખુશીથી ઉજવવો જોઈએ પણ એમાં પોતાની શ્રીમંતાઈનો ખોટો દેખાડો નહીં હોવો જોઈએ.

(''લેખિની'' સંસ્થાના ઉપ-પ્રમુખ અને આયુર્વેદિક ડૉક્ટર)

## ૩. શુભ પ્રસંગની ઉજવણી અર્થપૂર્ણ હોવી જોઈએ

**સોનલ પરીખ**

મારી મિત્ર રાધિકાના દીકરાએ તેની સાથે કામ કરતી ગઢવાલની છોકરી પસંદ કરી. બંને પક્ષે માતાપિતાઓએ વાંધો લીધો નહીં અને ધામધૂમથી પોતાના સંતાનોને પરણાવવાનું નક્કી કર્યું. ધીરે ધીરે વાત એ તબક્કે પહોંચી કે ગઢવાલવાળા પોતાની પરંપરા ઊંચી સાબિત કરવા અને રાધિકા અને તેનો પતિ ગુજરાતની દિલેરી દેખાડવા રસાકસીએ પહોંચી ગયા. નક્કી એમ થયું કે સગાઈ રાધિકાને ત્યાં મુંબઈમાં કરવી અને લગ્ન ગઢવાલવાળાઓ પોતાની દિલ્હીની કોઠીમાં કરે.

રાધિકાનો મને આમંત્રણ આપતો ફોન આવ્યો તેમાં તેણે મને આ બધું કહ્યું. પણ તેની વાત હજી અધૂરી હતી. 'સાંભળ, રેડિયો કલબમાં સગાઈની વિધિ છે. તે પહેલાં એક સાંજે સંગીત અને બીજી સાંજે મહેંદી મરીનલાઈન્સના એક હૉલમાં રાખ્યા છે. ડીજે ને પાર્લરવાળા ઓછા પૈસા માગે છે? સાઠ હજાર તો ખાલી ફોટોગ્રાફરના થશે, બોલ. બધું ઈવેન્ટ મેનેજમેન્ટવાળાને સોંપ્યું છે – આપણને ટેન્શન નહીં. એ બિચારા પણ કમાય ને? ગઢવાલથી પાંત્રીસ જણ આવવાના છે. એટલા જ અમારા સગા પણ થશે. બધાને ક્યાં ઉતારવા? તો કોલાબામાં સાત હજાર રૂપિયાના ઓવરનાઈટ સ્ટેના હિસાબે ત્રણ દિવસ માટે ત્રીસ રૂમ રાખી છે. બધાને પહેરામણી કરવી જોઈશે. વહુને સાચા હીરાનો સેટ કરવો છે. વરવધૂ બંને સેમીવૅસ્ટર્ન પોષાક પહેરવાના છે. વહુનો ડ્રેસ પચીસ હજારનો થયો. ત્રણ દિવસ સવારસાંજ જમણ માટે હોટેલના નાના હોલ રાખ્યા છે. ઈન્ડિયન, કોન્ટીનેન્ટલ, ચાટ આઈટેમ્સ એમ ફરતું ફરતું જમાડીશું. જમણ પછી જુદાં જુદાં આઈસ્ક્રીમ, કુલ્ફી અને ફાલુદા. આપણે ઘરે બધા ક્યાંથી, હેં?'

'સગાઈમાં આટલું બધું? કેટલો ખર્ચ કરવાની છે.'

'એ તો મારા વર ને દીકરાઓ જાણે. લાગે છે કે પંદર લાખ જેવા તો થશે.'

'બાપ રે. અને લગ્નમાં?'

'લગ્ન તો દિલ્લીમાં છે. ત્યાં આપણે બીજો ખર્ચ નથી. પણ સિત્તેર જાનૈયા અને દીકરાઓના મિત્રો મળીને સો જણને મુંબઈથી દિલ્હી રાજધાનીમાં લાવવા-લઈ



જવાના તો ખરા ને. પાંચ લાખ જેવા તો ખાલી તેના થશે. પછી વહુની છાબ, ઘરેણું, વેવાઈપક્ષને કરવાનો વ્યવહાર - સાતેક લાખે એ પકડ. અને ....'

'બસ, બસ. આ આટલા ખર્ચને અંતે કોના હાથમાં શું આવશે?'

'કોના હાથમાં શું આવશે એટલે શું? તમે લેખકો વેદિયા જ રહેવાના. આ રીતે તે કોઈ વિચારતું હશે? આખી જિંદગી મહેનત કરીને કમાઈએ છીએ તે આવા પ્રસંગ માટે જ ને?'

'હું એ જ કહું છું. કેટલી મહેનતે કમાયેલું બધું બેચાર દિવસમાં ધુમાડો. હા, સગાવહાલા થોડા વખાણ કરશે, મિત્રો વાહવાહ કરશે.'

'સગાવહાલા અને મિત્રોની તો વાત જ મૂકી દે. મોટાભાગના તો આપણું સારું થતું જોઈને અદેખાઈ કરે તેમાંના.'

'પણ તો પછી કોને માટે આટલું બધું?'

'એ તો આપણા સર્કલ પ્રમાણે કરવું પડે. તમારે મધ્યમવર્ગનાને સારું. અડધા દિવસમાં પ્રસંગ પતી જાય.'

'અત્યાર સુધી તું પણ તો મધ્યમવર્ગમાં જ હતી.'

'હા. પણ હવે કુટુંબમાં ત્રણ કમાનારા છે. મહિને દસ લાખ ઘરમાં આવે છે. મોટા ફ્લેટમાં રહેવા ગયા છીએ. તો એ પ્રમાણે બધું કરવું ન પડે?'

'પણ તમારું પૈસાવાળાઓનું જોઈને અમે પણ ગાંડા થઈએ છીએ. આ સેરિમની ને તે સેરિમની કરીને પ્રસંગને ત્રણચાર દિવસ લંબાવીએ છીએ. આને દેખાડવા ને તેને બતાવવા ખિસ્સા ઊંધા કરી ઠાલવી દઈએ છીએ ને પછી દેવું પણ કરીએ છીએ. વટ તો અમારે પણ પાડવો પડે ને? સાચું કહું તો તમારે પૈસાવાળાઓએ તો દાખલો બેસાડવો જોઈએ. તમે માપમાં બધું કરો તો અમે પણ માપમાં રહેવા પ્રેરાઈએ.'

'તે તમારા માટે અમારે અમારી પાસે હોય તોય હાથ પાછો ખેંચવો? સારું છે તું મારી પાસે બોલી. મારા વર પાસે બોલી હોત તો તારા મોઢે તો હસીને કહેત કે વેરી ગુડ આઈડિયા. પછી મને સંભળાવત કે તારી બહેનપણીમાં અક્કલ જરા ઓછી તો ખરી.'

'અને મને એ કહે, કે આટલા મોટા તમારા બજેટમાં અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, પર્યાવરણ કે પ્રાણીઓ માટે કોઈ રકમ ફાળવાઈ છે ખરી?'

'ઓહો, તું ત્રાસ ન આપ. મારે બીજા ફોન કરવાના છે. બધા પ્રસંગમાં આવી જજે.'

તેણે ફોન મૂકી દીધો.

આ છે આપણાં લગ્નો. આપણે સ્વભાવે ઉત્સવપ્રિય અને ઉજવણીપ્રિય પ્રજા છીએ. શુભ પ્રસંગોમાં આપણે કેટલા પૈસા ખર્ચ્યા એ આપણા માટે સુખ અને સફળતાનો માપદંડ છે. એમાં કશું ખોટું નથી, દરેકને પોતાની રીતે પોતાના પરિવારમાં આવતા શુભ

પ્રસંગો ઉજવવાનો અધિકાર છે. પણ માનવીય દૃષ્ટિએ અને એક જાગૃત નાગરિકની દૃષ્ટિએ વિચારીએ તો લગ્નો એ માત્ર ઉત્સાહ અને હોંશનો નહીં, વિવેક અને શિસ્તનો પણ પ્રસંગ છે. જે પ્રસંગ શુભ છે તેને શુભ રાખીએ, આંધળા ખર્ચ અને દેખાદેખીના મોકા જેવો ન બનાવીએ. આપણને કેટલો આનંદ આવ્યો, એ આનંદ બીજાઓ સાથે કેટલો વહેંચાયો, આપણી આસપાસના ગરીબ લોકોને કેટલી મદદ આપી શકાઈ એ રીતે પણ થોડું વિચારીએ. આજે દેશમાં આટલા પ્રશ્નો છે, લોકો અછત અને અભાવમાં જીવે છે ત્યારે પૈસાનું આવું પ્રદર્શન શોભતું નથી, બલ્કે અભદ્ર લાગે છે. અમારા એક વડીલ તો આવા ધામધૂમવાળા પ્રસંગોમાં હાજરી આપતા જ નથી.

પહેલાના લગ્નોમાં આનંદ હતો, પણ વિવેક પણ હતો. જ્ઞાતિની વાડી, રસોઈયા, વાડીમાં જ મહેમાનો અને જાનની ઉતરવાની વ્યવસ્થા, મોટાં તપેલામાં ચટાકેદાર દાળશાક રાંધતા રસોઈયા, લાડુભજિયાં અને બટાટાવડાં પીરસતા કુટુંબીઓ કે મિત્રો. હળવામળવાનું, વાતોના તડાકા, થોડા ઝઘડા, ઘરની જ બહેનો દ્વારા ગવાતાં મીઠાં લગ્નગીતો, રાતે ઢોલી બોલાવીને ખેલાતા ગરબા. કુટુંબની જ કન્યાઓ વધૂને તૈયાર કરી દે. ઓછો ખર્ચ, ઝાઝો આનંદ. સૌને પરવડે. એમાં પણ હુંસાતુસી થતી હશે, પણ આજ જેવી અસભ્ય પ્રદર્શનવૃત્તિ ત્યારે ન હતી.

વીતેલા સમયમાં તો પાછા જઈ શકાતું નથી, પણ આપણા પરિવારમાં આવેલા શુભ પ્રસંગને તેનો ઉમળકો કે આનંદ ઓછો કર્યા વિના અર્થપૂર્ણ જરૂર બનાવી શકાય. લગ્ન બે વ્યક્તિઓનું, બે જિંદગીઓનું, બે પરિવારોનું મિલન છે. જીવનમાં કપરાં ચઢાણ સાથે મળીને ચડવાના કોલ છે. તેને માટે સૌનું સમર્થન, સૌની શુભેચ્છા, સૌનાં પ્રેમ અને આશીર્વાદ મળે, આનંદ માણીએ, ઉત્સાહી અનુભવીએ તે બરાબર છે, પણ ઉજવણીની આત્યંતિક ઘેલછામાં આ મૂળ ભાવને ભૂલી જઈએ એ કેવું? એક મિત્રનો પુત્ર અને તેની ભાવિ વધૂ બંને કમાય છે. બંનેએ પોતપોતાના માતાપિતાને બેસાડીને કહ્યું કે તમે અમને ભણાવ્યાં, કમાતા કર્યા, હવે બસ. લગ્નપ્રસંગ અમે અમારી રીતે કરીશું. બંનેએ બજેટ બનાવ્યું. એક સાંજે લગ્ન, રિસેપ્શન, ભોજનસમારંભ ગોઠવી દીધાં. બંનેના મિત્રોએ માઈક પર વારાફરતી ગીતો ગાયાં. ત્યાર પછી ભારતીય અને પશ્ચિમી સંગીત પર થોડું નાચી પણ લીધું. બીજા દિવસે બંને જાતે જ જઈ પોતાના ત્રણત્રણ મહિનાના પગાર વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ અને પ્રાણીઓની હૉસ્પિટલને દાન કરી આવ્યાં. તેમના સર્કલમાં થતાં લગ્નો કરતાં તેમને ઘણો ઓછો ખર્ચ આવ્યો. આનંદ પણ કર્યો, સામાજિક નિસબત પણ રાખી અને માતાપિતા પર બોજ ન પડવા દીધો. માતાપિતા એમ તો પામતાં પહોંચતાં હતાં. તેમણે નવયુગલને મોટી રકમ આપી જે તેમને નવા જીવનમાં ગોઠવવામાં કામ આવી.

આવું આપણે પણ કરી શકીએ. ભરપૂર ઉમંગ, પૂરેપુરો ઉમળકો - પણ ઉજવણી વિચારપૂર્વક, સંયમપૂર્વક, સમજપૂર્વક. આટલું કરીશું ને?

('જન્મ ભૂમિ પ્રવાસી', ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧)



# ૪. લગ્ન સમારંભો

**મિહીર શાહ**

વિશ્વના દરેક સમાજોની વ્યક્તિના જીવનમાં લગ્નપ્રસંગ એક મહત્ત્વનો પ્રસંગ ગણાય છે. તમે બહોળા સમાજની સાક્ષીએ એક વ્યક્તિ સાથે જીવનભર સાથે રહેવાના અને એકમેકને વફાદાર રહેવાના કરાર કરો છે. એ સમયગાળામાં લગ્ન કરનાર વ્યક્તિના સપનાઓ સાતમા આસમાને હોય છે. આથી સ્વાભાવિક રીતે જ એને આ પ્રસંગ યાદગાર બનાવવાનો અભરખો હોય. એ માટે એ વખતે ખર્ચ બહુ મહત્ત્વનો લાગતો નથી.

આવા મહત્ત્વના પ્રસંગે આપણને સહજપણે એ ઈચ્છા હોય કે આપણા સ્વજનો, સગા સંબંધીઓ હાજર રહે અને આપણા આનંદમાં સહભાગી બને. ઉપરાંત, આ પ્રસંગ માત્ર વ્યક્તિગત નથી, કૌટુંબિક પણ છે કારણ કે બે વ્યક્તિઓની સાથે બે કુટુંબો પણ એક સંબંધમાં જોડાય છે. આપણા સ્વજનો જ્યારે આપણા આમંત્રણને માન આપીને આપણા ઘરે આવે ત્યારે આપણે તેમને સારું જમાડીએ. તેમને વ્યસ્ત રાખવા ગીત, સંગીત, નૃત્યના કાર્યક્રમો રાખીને તેમનું મનોરંજન કરીએ તે સ્વાભાવિક છે. આ આપણી પરંપરા છે. અગાઉના સમયમાં જ્યારે સમાજ નાનો-સાંકડો હતો, લોકો એકમેકની પાસે રહેતા હતા. સગવડતાઓની વિશેષ કોઈ અપેક્ષાઓ નહોતી ત્યારે આ બધું સહેલું હતું. આ પ્રસંગનો યજમાન પર આર્થિક બોજ ઓછો કરવા 'ચાંદલા'નો રિવાજ રાખેલો જેથી ખર્ચ લોકોમાં વહેંચાઈ જાય. આને એક પ્રકારની 'વગર વ્યાજની લોન' કહી શકાય. સામા પક્ષે લગ્ન હોય ત્યારે એ રકમ પાછી વાળવાની.

હવે સમય સંજોગો બદલાયા છે. લોકો એકમેકથી દૂર અંતરે રહેવા લાગ્યા છે. આર્થિક જરૂરિયાતો વધી છે. સગવડતાની વ્યાખ્યા વ્યક્તિ વ્યક્તિએ જુદી છે. લગ્નમાં જેટલું આનંદ, ઉત્સાહનું પ્રમાણ છે તેટલું જ (મને કમને) પરંપરાને જાળવી રાખવાનું દબાણ વધતું જાય છે. તમને ખોટું ના લાગે એટલે મારે તમને તાણ કરવાની છે અને મને ખોટું ના લાગે એટલે તમારે નાછૂટકે મારે ત્યાં હાજરી આપવી પડે છે. દૂરના શહેરોથી આવવા માટે અગાઉથી રિઝર્વેશન કરાવવું પડે. મને કેટલીક વિશેષ સગવડતાઓ વગર ચાલતું નથી. તમે મારા ઘરે લગ્ન હતા ત્યારે આટલો ચાંદલો આપ્યો હતો તો હવે મારી આર્થિક સ્થિતિ ગમે તેવી હોય તો પણ મારે એટલો ચાંદલો તો આપવો જ પડશે. લગ્ન સમારંભ હવે વ્યક્તિ અને કુટુંબથી આગળ વધીને ધંધાકીય વહેવાર સુધી પહોંચી ગયો છે. આથી હું મારા સહકાર્યકરો, ગ્રાહકો, સપ્લાયરો, પડોશીઓ વગેરેને બોલાવું છું. ફલાણાએ લગ્નમાં, જમવામાં, સંગીતમાં આવું આવું કરેલું આથી આપણે પણ આટલું તો કરવું જ પડશે. આમ બજેટ મોટું ને મોટું થતું જાય છે. વેપારી, ઉદ્યોગપતિઓને પોતાના કાળા ધનની વ્યવસ્થા કરવા આવી વ્યવસ્થા અનિવાર્ય

છે અને આ બહાને રૂપિયો ફરતો થાય તે ઈકોનોમી માટે સારું ગણાય છે. પણ નોકરી કરનારા અને નિવૃત્તિને આરે આવેલા માટે આ બધું કરવું અશક્ય કે આકરું બની જાય છે.

આ ઉપરાંત એક કન્યા જ્યારે પોતાનું ઘર છોડી પતિના ઘરે જાય ત્યારે થોડા વધુ કપડા લઈ જાય તે સમજી શકાય. પણ પોતાના હાલના ૨૦-૨૫ જોડી કપડાં ઉપરાંત બીજા ૨૫-૩૦ જોડી કપડાં શું કામ બનાવરાવે તે સમજાતું નથી. શું તેના પતિ કે સાસરીયા પર એટલો વિશ્વાસ નથી? અને શું તે આગામી ૩ વર્ષ કોઈ કપડાં લેવાની નથી? લગ્ન વખતે પહેરવાના જે કપડાં લીધા તે તો પાછા ૩૦-૪૦ હજારથી ઓછી કિંમતના ના હોય. તે કપડાં સામાન્ય પ્રસંગોએ તો પહેરવા જેવા તો હોય નહિ. વર્ષે બે વર્ષે કદાચ એકાદવાર પહેરાય. જૂની પેઢીના લોકોને અનુભવ હશે કે સામાન્ય રીતે આ કપડાં વાસણવાળીને દઈને તપેલી કે બરણી લેતા.

મને લાગે છે કે આજની પેઢીએ આ બધા વિષે નવેસરથી વિચારવું જોઈએ. લગ્ન કરનાર વ્યક્તિએ લગ્ન કરીને પોતાની દુનિયા વસાવવાની છે. તેના માટે પૈસા જોઈશે જ. તો નાહક બિનજરૂરી લોકોને ભેગા કરવામાં, તેમને જમાડવામાં પૈસા શું કામ ખર્ચવા? દૂરના લોકો સહજપણે આવી શકે તો જ આવે તેવો, તેટલો જ આગ્રહ કરવો. જમવામાં મેક્સિકન, ચાઈનીઝ, થાઈ ફૂડ જેવા કાઉન્ટરો રાખવાને બદલે સંયમિત રીતે વ્યાજબી ડિશ પસંદ કરી શકાય. કોણે કેવું શું કર્યું હતું તે વિષે બહુ વિચાર નહીં કરવાનો. દરેકની પોતાની પસંદ હોય અને પોતાના બજેટ પ્રમાણેની પ્રાથમિકતા હોય. બે ચાર હજારની કંકોતરી છપાવીને તમે શું સાબિત કરવા માગો છો? જે વાંચીને થોડા દિવસમાં કચરા પેટીમાં જવાની છે.

લગ્નના દિવસે આખા ઘરને રોશનીથી ઝગમગાવી દો. ૪૦,૦૦૦ રૂ.ની જયપુરની શેરવાની પહેરીને લગ્ન કરો. ૩૦૦૦ રૂ.ની ડિશ જમાડો. ઘોડા કે હાથી પર બેસીને વરઘોડો કાઢો. રસ્તા પર ૨૫,૦૦૦ રૂ.ના ફટાકડા ફોડો. એક મહિના અગાઉ કોરિયોગ્રાફરને બોલાવી કુટુંબના છોકરા-છોકરીઓ બોલીવુડ ગીત પર નાચ કરો. આ બધું સુખી કે સફળ લગ્નની ગેરન્ટી તો નથી જ આપવાનું.

અમારા એક સાધન સંપન્ન મિત્રએ એની દીકરીને પરણાવતી વખતે સામેવાળાને વિશ્વાસમાં લઈને કમૂરતામાં લગ્ન કર્યા. કોર્ટ મેરેજ કર્યા અને પછી હાજર મહેમાનોને સરસ જમાડ્યા. કમૂરતાને કારણે હોલ સહેલાઈથી મળ્યો. હોલ અને જમાડવાનો ખર્ચ અડધો થઈ ગયો. આપણે દાખલો જ લેવો હોય તો આવો જ શું કામ ના લઈએ?

એક વાત ધ્યાનમાં રાખીએ કે આપણે કેવી રીતે લગ્ન કરીએ છીએ તેના પરથી આપણા વ્યક્તિત્વની ઓળખ થાય છે. આપણે જે છીએ તેવા જ દેખાઈએ. જે નથી તે દેખાડવાના ઉધામા મોંઘા પડે.

(વડોદરા)



# વૈવિધ્ય

## ૧. કૃપા અને શ્રદ્ધા

### સ્વાતિ મેઢ

બહુ વર્ષો પહેલાંની એક વાત યાદ આવે છે. ૧૯૬૦-૭૦ના અમદાવાદના પુસ્તકો-નોટોના બજારમાં કાગદી સોનીવાલની નોટબુકો મળતી. કાચા પૂંઠાની અને ચાળીસથી લઈને દોઢસો પાનાંની કોરી અને લીટીવાળી બંને જાતની નોટો મળે. સાદા ઝાંખા લીલા, પીળા, વાદળી, ગુલાબી રંગના કશી જ શોભા કે ચિત્રો વિનાના એના કવર પર નામ, વર્ગ, વિષય વગેરે લખવાનું એક ચોકઠું છાપેલું હોય. એ ચોકઠા ઉપર અંગ્રેજીમાં છાપેલું હોય 'ફેઈથ ઈન ગોડ'. આ નોટબુકો બીજી નોટબુકોથી થોડા ઊંચા ભાવે મળે કારણ કે એની ક્વોલિટી સારી રહેતી. મને એ નોટબુકોમાં જ લખવું ગમતું. દરેક નોટબુક પર 'ફેઈથ ઈન ગોડ' વાંચીને વખત જતાં મને એ વાક્યનો અર્થ જાણવાની ઈચ્છા થઈ. મેં ઘરમાં કોઈ મોટાને પૂછ્યું ને જાણવા મળ્યું કે આ વાક્યનો અર્થ છે 'ભગવાનમાં શ્રદ્ધા'. ભગવાનમાં શ્રદ્ધા એટલે શું એ ખબર પડવાની ઉંમર નહોતી. કાગદી સોનીવાલા દરેક નોટબુક એ વાક્ય પર કેમ મૂકતા હશે? એ મારા સવાલનો જવાબ મળ્યો 'કદાચ એ વાક્ય એ વેપારીનું જીવનસૂત્ર હશે'. જે હોય તે પણ એ વર્ષોમાં કાગદી સોનીવાલાની નોટબુકો વાપરનારાઓને નોટે નોટે શિખામણ મળતી 'ભગવાનમાં શ્રદ્ધા રાખો'. હમણાં ઘરમાંથી જૂના છાપાં-મેગેઝિનો કાઢવાના અભિયાન દરમ્યાન ઓગસ્ટ, ૨૦૧૨નો અંક દેખાયો. પાનાં ફેરવ્યાં અને એક સમાચાર વાંચ્યા અને આ વાત યાદ આવી ગઈ.

એમાં એક લેખ હતો એ વખતે રમાઈ રહેલી ઓલિમ્પિક રમતો વિષે. એમાં મલાયા દેશની નિશાનબાજીની એક ખેલાડી નૂરી સીરિયાની વાત કરેલી. સ્પર્ધા વખતે નૂરી સગર્ભા હતી. આઠ માસના ગર્ભસ્થ શિશુ સાથે એ નિશાનબાજી ખેલવા આવી હતી. સગર્ભાવસ્થાનો આઠમો માસ નાજુક સમય ગણાય. એવે સમયે નૂરીની નિશાનબાજી ખેલવાની હિંમત કોઈને પણ નવાઈ પમાડે. એની મુલાકાત લેનાર પત્રકારે પૂછ્યું : 'આ અવસ્થામાં તમે નિશાનબાજી ખેલશો?'

નૂરીએ જવાબ આપ્યો, 'હા, અને હું પ્રાર્થના કરું છું કે મારે ટ્રીગર દબાવવાનું હોય ત્યારે શિશુ અંદર હાલે નહીં. એટલું બસ છે. ગોડ એટલું સાંભળી લે. એ સિવાય મને કોઈ વાતની ચિંતા નથી.' નૂરીએ સ્પર્ધામાં નિશાનબાજી કરી પણ ખરી.

ફેઈથ ઈન ગોડ, ઈશ્વરમાં શ્રદ્ધા આને કહેવાય? એક ગુજરાતી ભજન છે', મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે' સમર્પણનો ભાવ વ્યક્ત કરતું આ ભક્તિગીત એ જ કહે

છે.' હરિ સંભાળજો રે.' પ્રભુમાં શ્રદ્ધા રાખવી. એ બધું સંભાળી લેશે. એની કૃપા ચોક્કસ થશે જ.

પણ હરિ શું સંભાળે? શું સંભાળી લેશે? વિશ્વની અને ભાગ્યની આ સંકુલ ગતિવિધિઓમાં આપણે કેટલું સમજીએ છીએ? કેમ કરીને કહીએ કે હરિ આટલું સંભાળજો. છતાં ય શ્રદ્ધા રાખવી કે આપણે માટે સંભાળવા જેવું હરિ જરૂર સંભાળી લેશે.

આવી શ્રદ્ધા રાખવી અઘરી તો છે. સંભાળનારો ઉપરવાળો. રાખણહારો રામ એ શું સંભાળશે? શેનાં રખોપાં કરશે આપણે સારું? ખબર નથી.

હા, ઉપરવાળો, રાખણહારો રામ, ઈશ્વર, પ્રભુ, ગોડ, હરિ, અલ્લા, વાહેગુરુ સંભાળી તો લેશે પણ કાર્ય તો આપણે વ્યક્તિએ કરવાનું હોય છે. કર્મ કરતા રહો 'યોગક્ષેમ વહામ્યહમ્' ગીતામાં શ્રી કૃષ્ણ પણ ખાતરી આપે છે.

અહીં બીજી થોડી કાવ્યપંક્તિઓ યાદ આવે છે.

પલ્લામાં રાખી ધારણ,
ઊભા રહેવું, ચકરાતા મત્સ્યની પાણીમાં છાયા જોઈ
એને વીંધવું.
એ સર્વ કાંઈ તારે જ પાર પડવાનું ...
હું તો માત્ર નીચેનું આ પાણી
ઢોળાય નહીં તેની રાખીશ અર્જુન ભાળ.

'મહાપ્રસ્થાન' કાવ્યમાં કવિ ઉમાશંકર જોષીએ આ રીતે વાત કરી છે.

સ્વંયવરમાં દ્રૌપદીને પામવા માટે મત્સ્યવેધ કરવા માટે, વિધિનિર્મિત મહાભારત યુદ્ધની ભૂમિકા રચવા માટે અર્જુને તીર છોડવાનું હતું. એ તો અર્જુન કરી નાખે, પણ અહીં મોટી વાત એ હતી કે ઉપર ફરતા મત્સ્યનું પાણીમાં પડતું પ્રતિબિંબ જોઈને મત્સ્યને વીંધવાનો હતો. અને હોજના પાણીમાં મત્સ્યનું પ્રતિબિંબ પડતું પાણી ડહોળાય નહીં, સ્થિર રહે એ જોવાનું કામ પ્રભુ કરશે.

અને આ પાણી ડહોળાવું એટલે શું?

મનની, બુદ્ધિની, લાગણીની વિચારની સ્થિરતા ખરે ટાણે વિચલિત થઈ જાય એવું તો અભિપ્રેત નથી ને અહીં?

મને લાગે છે એવું જ છે.

ઈચ્છાઓ, મહત્વાકાંક્ષાઓ, કાર્ય, ફરજ, જવાબદારીઓ, આડખીલીઓ, અવરોધોની ભીડમાં મન-લાગણી, બુદ્ધિ-વિચારની સ્થિરતા જળવાઈ રહે. સારા-ખોટાનો, યોગ્ય-અયોગ્યનો, હિત-અહિતનો ભેદ વેળાસર પારખવાની સમજ પડે એ જ પાણી ન ડહોળાવાની સ્થિતિ. એવી અસ્થિરતાના સમયે જ ધ્યાન રાખે છે પ્રભુ આપણું જો શ્રદ્ધાભર્યા મનથી એને સોંપી દઈએ માર્ગ ચીંધવાનું કામ.



અને કર્મ કરતાં કરતાં કસોટીની વેળાએ મનસરવરના જળને પ્રભુ ડહોળાવા નહિ જ દે, એવો અતૂટ વિશ્વાસ એનું નામ શ્રદ્ધા. આવી શ્રદ્ધા હોય તો પ્રભુ અવશ્ય કૃપા કરે. જો કે આવી અડગ શ્રદ્ધા પણ એની કૃપાથી જ મળે. પણ શ્રદ્ધા હોય તો કૃપા થાય કે કૃપા થાય તો શ્રદ્ધા બેસે? એવા વિતંડાવાદમાં પડવાનું રહેવા દઈએ.

ફરી ફરીને નજર સામે આવે છે કાગદી સોનીવાલની ઝાંખા ગુલાબી, લીલા, પીળા, વાદળી રંગના પૂંઠાવાળી નોટબુકો. એના કવર પર છાપેલું પેલું ચોકઠું. એનો અર્થ આજે કૈક સમજાયો. એ શિખામણ જીવનમાં ઉતરે તો? ન્યાલ થઈ જવાય!

(૧૦/૧૧૫, પરિશ્રમ એપાર્ટમેન્ટસ, વિમાનગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫)

## ૨. સ્મૃતિ એ જ્ઞાન નથી

**તત્વચિંતક પટેલ**

આપણી સૌની ધારણા હોય છે કે કથાઓ સાંભળીએ, ધર્મના પુસ્તકો વાંચીએ, ધર્મનું અધ્યયન કરીએ, ધર્મના સૂત્રો મોઢે કરીએ, કોરીબુકમાં પ્રભુના નામો લખીએ, માળા ફેરવવામાં નામ લીધા જ કરીએ, કોઈ કહેવાતા ગુરુના વચનો સાંભળીએ, કોઈ કહેવાતા સંતને ઘરે પધરામણી કરાવીએ, સંતોને દાન, થાળો ધરીએ, પ્રસાદ ખાઈએ, ફૂલો ચડાવીએ, આરતી કરીએ, ઉપવાસ કરીએ, વગેરે, તો પુણ્ય થાય છે ને જ્ઞાનની પ્રતિતી થાય છે એવું આપણે સૌ માનીએ છીએ. માટે જુદી જુદી રીતે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરતા હોઈએ છીએ અને ભટકીએ છીએ.

આ આપણો મોટામાં મોટો ભ્રમ છે. આ સાવ જ ખોટી કલ્પના અને માન્યતા છે તે એક પ્રકારની અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસ જ છે. એ સિવાય કાંઈ જ નથી. જો આટલું સસ્તું જ્ઞાન પ્રાપ્ત થતું હોત તો આ દુનિયામાં જ્ઞાની માણસોનો પાર ન હોત અને આજે જે અત્યાચારો, ભ્રષ્ટાચારો, અનીતિ, અસત્યની બોલબાલા છે, ઉપભોગવાદ અને સ્વાર્થે માજા મૂકી છે તેવું હોત જ નહિ. આ બધું છે એનો અર્થ એ કે જ્ઞાન નથી અને જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પણ નથી. આમ સ્મૃતિ એ જ્ઞાન નથી એ પુરવાર થાય છે. જો જ્ઞાન હોત તો આ બધાનું અસ્તિત્વ જ ન હોત. આનો અર્થ થયો કે જ્ઞાન કોઈ કદી પણ કોઈને આપી શકાતું જ નથી, તે તો પોતે જ પોતાની અંદરથી જાતે શોધવું પડે છે અને તેમાં કોઈ પણ મદદકારક બનતું જ નથી, બની શકતું પણ નથી, જ્ઞાન અંદર પડેલું છે, જે શોધે તેને પ્રાપ્ત થાય છે. જગતમાં ઘણા માણસોને પ્રાપ્ત થયું છે તે હકીકત છે. અને એ પરમ આનંદમાં સ્થિર થઈ શક્યા છે તે દીવા જેવી હકીકત છે. બાકી આ દુનિયામાં કોઈ કથા સાંભળીને કે બાહ્ય આચારો દ્વારા જ્ઞાન પ્રાપ્ત થયાનો એક પણ દાખલો આ જગતમાં નથી જ. આમ બહાર ભટકનાર કદી પણ જ્ઞાની થઈ

શકે જ નહીં તે હકીકત છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. બાહ્ય પ્રવૃત્તિઓ માત્ર ને માત્ર ખુવાર કરવાની રીત છે, એનો કોઈ જ ફાયદો નથી.

સ્મૃતિ એ જ્ઞાન નથી. પણ આખું જગત આને જ્ઞાન માને છે. કોઈ વ્યક્તિ ખૂબ જ ભણેલ હોય, કોઈકની સ્મૃતિ તેજ હોય, ઘણું બધું યાદ રાખી શકતો હોય. યાદદાસ્ત સતેજ હોય, શતાવધાની હોય, ઘણું બધું જાણતો હોય તેને આપણે જ્ઞાની સમજી બેસીએ છીએ ને કહીએ પણ છીએ તે આપણી ભૂલ છે.

કોઈને ગીતા મોઢે હોય છે, કોઈને વેદો મોઢે હોય છે, કોઈને કથાઓ મોઢે હોય છે, કોઈને રામાયણ મોઢે હોય છે, તેમને સંસાર ખૂબ જ મહત્ત્વ આપે છે તે હકીકત છે. પણ તે જ્ઞાની નથી તે હકીકત છે. જ્ઞાનનું સ્થાન ગળું નથી, જ્ઞાનનું સ્થાન મન નથી, જ્ઞાનનું સ્થાન બુદ્ધિ નથી, જ્ઞાનનું સ્થાન આત્મા છે, જ્ઞાનનું સ્થાન હૃદય છે. આમ ગળાના જ્ઞાનને, મનના જ્ઞાનને, બુદ્ધિના જ્ઞાનને કોઈ જ મહત્ત્વ નથી. તેવું જ્ઞાન પોપટમાં પણ હોય છે તેથી પોપટ જ્ઞાની છે એમ કહી શકીએ નહિ. પણ સાંભળવાવાળા પોપટને પણ જ્ઞાની કહેતા હોય છે, તે આપણા સૌની બલિહારી છે. આ બધું જ અધ્યાત્મની દૃષ્ટિએ સાવ જ નકામું છે, બિનઉપયોગી છે.

અધ્યાત્મ એમ સ્પષ્ટ કહે છે કે જ્ઞાન માત્રને માત્ર અંતઃકરણમાં ઉતરવાથી જાણી શકાય, અનુભવી શકાય અને પ્રાપ્ત કરી શકાય. અનુભૂતિ થાય તે જ જ્ઞાન છે. એટલે કે હૃદયસ્થ થવું એ જ જ્ઞાન પ્રાપ્તિનો રસ્તો છે. આના માટે ચિંતન, મનન અને નિદિધ્યાસન જ ઉપયોગી છે. એટલે ધ્યાન દ્વારા સમાધિની સ્થિતિ એ જ જ્ઞાનની પ્રાપ્તિ છે. એટલે કે આપણા સ્વ સ્વરૂપને જાણી તેમાં સ્થિર થવું એ જ જ્ઞાન કહેવાય છે. આમ આત્માની અનુભૂતિ એ જ જ્ઞાન છે. આત્મજ્ઞાન એ જ જ્ઞાન છે. આ જણાયા પછી જગતમાં કાંઈ પણ જાણવાનું બાકી રહેતું જ નથી, આપણા તમામ સંશયો નાબુદ થઈ જાય છે. આપણે અભયમાં સ્થિર થઈ જઈએ છીએ. પછી આપણને મૃત્યુનો પણ ભય રહેવા પામતો નથી. આ જગતમાં વધુ ને વધુ ભય મૃત્યુનો હોય છે તે નાબૂદ થાય છે ને અમૃતની પ્રાપ્તિ થાય છે. જે જન્મમરણના ચક્રમાંથી બહાર નીકળી જઈએ છીએ એનું નામ જ જ્ઞાન છે. આ જગતમાં જ્ઞાન જેની કોઈ પવિત્ર ચીજ નથી તેની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનની પ્રાપ્તિ એ જ મોક્ષની પ્રાપ્તિ છે. મોક્ષ એટલે પરમ આનંદની સ્થિતિ.

બાહ્ય જ્ઞાન એ જ્ઞાન નથી કારણ કે તેમાં અહંકાર હાજર હોય છે. જ્યાં અહંકાર, રાગદ્વેષ, મોહ, મમતા, આસક્તિ વગેરે હાજર હોય ત્યાં જ્ઞાનની હાજરી હોઈ શકે જ નહીં. હું પણ નાબુદ થાય એટલે આપોઆપ જ્ઞાન ઉજાગર થાય. એટલે આપણે આપણું વિલીનીકરણ કરવું તે જ જ્ઞાનની પ્રાપ્તિ છે.

(600 paint creek ct Murphy Tx 75094 USA)



## કવિતા

### આદમી

હોય છે અંદર જુદો ને બહાર જુદો હોય છે,
આદમી બહુરૂપી હર વાર જુદો હોય છે.
બોલથી બંધાય ના, ને બોલથી તોળાય ના,
બોલે બોલે બોલનો વ્યવહાર જુદો હોય છે.
આપને કહેશે કશું, ને પોતે કરવાનો જુદું
વાણી સાથે કામનો વ્યાપાર જુદો હોય છે.
સાચને જુઠાનો સઘળો ભેટ તું પામી શકે
હોય બોદો રૂપિયો રણકાર જુદો હોય છે.
દાઝવું તો એકસરખું લાગવાનું દિલને –
ઈંધણું કે શબ્દનો અંગાર જુદો હોય છે.
તું કથા મારી કહે કે હું કથા તારી કહું,
બેઉની વ્યથા તણો ચિતાર જુદો હોય છે.
એમની નજરે અમે જોઈ લીધી દુનિયા પૂરી,
પ્રેમ કરનારા હજારો, પ્યાર જુદો હોય છે.

**- રણછોડ વી. પરમાર**
(૧૬૭૮/૨ સેક્ટર-૨ડી, ગાંધીનગર.
મો. ૯૪૨૯૯૬૭૧૭૯)



### ગઝલ

ન આપે હાથમાં રાખીને આશાઓ જગાડે છે,
તું ઈશ્વર આખરે કેવી હતાશા સાથે જીવાડે છે.
ધુમાડો પણ ન નીકળે ને, સળગતી જાય હળવેથી,
ઘણી છે યાદ એવી જે અંદરથી દઝાડે છે.
ઊંચે ચઢવું એ કરતા શ્રેષ્ઠ બનવું ખૂબ અઘરું છે,
અહીં તક મળતા લોકો એકબીજાને પછાડે છે.
'નહીં ચાલે', 'હું એ લાયક નથી' એવું જે બોલે છે,
પછી એવું બને કે ખાનગીમાં એ ગમાડે છે.
દખલગીરી ઊભી કરીને બધાનું ધ્યાન ખેંચે છે,
ઘણા હાથે કરીને પાત્રતા આમ જ ઘટાડે છે.

**- નીલેશ પટેલ**

(શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ.પરીઆ, પો. સાયણ, જિ.સુરત-૩૯૪૧૩૦. મો. ૯૯૦૯૬૩૨૨૯૧)



### ભય



જ્યાં હોય ત્યાં ભય, (૨)
માના પેટમાં હોય,
ત્યાં ભ્રૂણ હત્યાનો ભય.
જન્મ થયો ને ચાલતી થઈ,
ત્યાં પડવાનો ભય.
ચાલતી થઈને ભણવા ગઈ,
ત્યાં પરીક્ષાનો ભય.
ભણી રહીને કોલેજમાં ગઈ,
ત્યાં દુનિયાનો ભય.
ગ્રેજ્યુએટ થઈને પરણવા ગઈ,
ત્યાં સાસુનો ભય.
પરણી ગઈ ને બાળકી થઈ,
ત્યાં જવાબદારીનો ભય.
બાળકી થઈ મોટી,
ત્યાં પોતાના અનુભવોનો ભય.

**- જોશી જીગ્ના**

(''જેકોર'', મો. ૯૮૨૫૫૨૩૯૨૪)



# ૩. ''ક્ષણભંગુર''

## નટવરભાઈ દેસાઈ

આ શબ્દ અનેકવાર આપણે સૌ સાંભળી ચૂક્યા છીએ. સંતોનાં મુખેથી અને વ્યવહારિક સંવાદોમાં આ શબ્દનો અવારનવાર ઉપયોગ થતો હોય છે. સમગ્ર બ્રહ્માંડની રચના પાંચ મૂળભૂત તત્વો પૃથ્વી, આકાશ, વાયુ, તેજ અને જળથી થયેલી છે અને તેને ઉત્પન્ન કરવાવાળું અને ચલાવવાવાળું જે તત્વ છે તેને સમજવાનો અને પામવાનો અનાદીકાળથી પ્રયત્ન થતો રહ્યો છે. આત્મા-પરમાત્મા-જીવ-શિવ અને દ્વૈત - અદ્વૈત આ બાબતો અત્યંત ગૂઢ અને ગહન છે. માયાના પડદાને કારણે મનુષ્ય ઈશ્વરને જાણી અથવા પામી શકતો નથી. ચોર્યાસી લાખ યોનીમાં મનુષ્ય યોની સૌથી શ્રેષ્ઠ છે કારણ કે તેને મન, બુદ્ધિ અને પ્રજ્ઞા આપવામાં આવેલ છે જેને કારણે તે તેની વિવેકબુદ્ધિથી શું સારું અને શું ખરાબ તે જાણી શકે છે. આપણે ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના તે આપણે જાણતા નથી, પરંતુ જન્મથી મૃત્યુ સુધીની જે યાત્રા છે તે યાત્રા દરમ્યાન જે કાંઈ અનુભવ થાય અને જ્ઞાન મળે તેને આધારે માણસ પોતાનું જીવન વ્યતિત કરતો હોય છે.

આપણે બધા જાણીએ છીએ કે મનુષ્યનો દેહ ક્ષણભંગુર છે. લગભગ દરરોજ આપણી નજર સામે આપણે દેહની ક્ષણભંગુરતાનો અનુભવ કરતાં રહીએ છીએ. ક્ષણભંગુર શબ્દ અત્યંત અર્થ ગર્ભિત છે અને એ શબ્દ જો યોગ્ય રીતે સમજાય અને એનો સાચો અર્થ આત્મસાત થાય તો માણસનાં જીવનમાં પરિવર્તન આવી શકે છે. આ આખા દૃશ્ય સંસારમાં કોઈ ચીજ કાયમી નથી. ચાહે તે વસ્તુ હોય, પરિસ્થિતિ હોય, સંજોગ હોય, વિચાર હોય કે માન્યતા હોય તે બધું જ હરપળે બદલાતું રહે છે. કોઈ ચીજ કાયમ નથી. સમયને કોઈ રોકી શકતું નથી અને કાળને કોઈ અટકાવી શકતું નથી અને તે કોઈ અગમ્ય શક્તિનાં હાથમાં છે જેને કારણે આ મર્યાદાઓ આપણે સ્વીકારવી જ પડે. સમુદ્રમાં જે લહેરો ઉઠે તે ક્ષણવારમાં નષ્ટ થાય અને ત્યારબાદ બીજી લહેર ઉત્પન્ન થાય અને તે ક્ષણવારમાં નષ્ટ થાય. આ કુદરતનો નિયમ છે અને જીવનની દરેક ક્ષણ પણ ક્ષણભંગુર છે. જેને કારણે કોઈ પણ સમજદાર વ્યક્તિ આ વાત જાણ્યા પછી જે કોઈ પણ ક્ષણ આવે તેનો યથાર્થ ઉપયોગ કરી લે તો કદાચ ધારેલું પ્રાપ્ત કરી શકે.

ક્ષણભંગુર શબ્દ જીવનનાં દરેક ક્ષેત્રમાં અનુભવી શકાય. દા.ત. જીભનો જે સ્વાદ છે તે કાયમ ટકી ન રહે. મનગમતો સ્વાદ કાયમ ટકી રહે તેવી આપણી મરજી હોય છતાં પણ તે ટકતો નથી એ આપણે જાણીએ છીએ. મનગમતો ધ્વનિ પણ કાયમ ટકતો નથી. કદાચ એવું બને કે આપણને મનગમતો સ્વાદ અથવા ધ્વનિનો જે આનંદ છે તે ક્ષણિકને બદલે શાશ્વત થાય તો એનો કેટલો આનંદ થાય એની આપણે કલ્પના કરી શકીએ છીએ - એટલે

એવો કોઈક માર્ગ હોય કે જે આવી વાતોને શાશ્વત કરે અને તેનો આનંદ કાયમ ટકી રહે તો માર્ગ માટે દરેક મનુષ્યની આંતરિક ઈચ્છા હોય છે.

ક્ષણભંગુરતાને શાશ્વતતામાં ફેરવવી હોય તો તેને માટે સાચી સમજણની ખૂબ જરૂર છે. કોઈ વસ્તુ કાયમી નથી. દુઃખ હોય કે સુખ હોય, શોક હોય કે આનંદ હોય, ક્રોધ હોય કે પ્રેમ હોય, આ દરેક ભાવ ક્ષણિક હોય છે એટલે તેમાં ખૂબ આનંદીત થવું કે નિરાશ થવું બિલકુલ જરૂરી નથી. આ બાબતમાં તમારે તમારી જાતને તટસ્થ રાખી સાક્ષીભાવથી જોવાની દૃષ્ટિ કેળવવાની છે. જીવનની વાસ્તવિકતા જે કાંઈ છે તે સહજભાવે સ્વીકારી લઈ તમારા આંતરિક પ્રવાહો જે છે તેને કોઈ પણ પ્રકારનું પરિવર્તન આપ્યા સિવાય માનસિક રીતે સ્થિરતા કેળવી કાયમ નિજાનંદમાં મસ્ત રહેલું એટલું જો સમજાય અને જીવનમાં ઉતારીએ તો ક્ષણભંગુરતાનું સુખ-દુઃખ કાંઈ થાય નહીં. ક્ષણભંગુર શબ્દ આપણને શું સૂચવે છે તે સાચી રીતે સમજી અને દરેક ક્ષણ જે આવે છે તે જવાની છે અને તેવી જ બીજી ક્ષણ આવવાની નથી એટલે આવેલી ક્ષણને યથાર્થ રીતે જીવી લઈએ તે જ સમજણ જીવનની સાચી દિશામાં આપણને લઈ જાય છે.

ઈશ્વર આપણને સૌને આ સમજણ આપે અને આપણું જીવન સાર્થક થાય તેવી પ્રભુ પ્રાર્થના.

(૧૧૯, અરૂણ ચેમ્બર્સ, તારદેવ રોડ, મુંબઈ-૪૦૦૦૩૪)

## ૪. માધુર્યમય જીવન

**કમલેશ હરિપ્રસાદ દવે**

આપણું જીવન લાંબુ તેમજ સંપૂર્ણ સ્વાસ્થ્યસભર હોવું જોઈએ. જ્ઞાન-સંપન્નતા, આધ્યાત્મિકતા, સ્વાધ્યાય, સત્કર્મો સાથે ભક્તિ-ભજન, કીર્તન, જપ-તપ દ્વારા આપણે જીવનને સર્વશ્રેષ્ઠ ઉમંગમય હર્યુંભર્યું, શાંતિસ્વરૂપ, સમૃદ્ધ અને આનંદમય બનાવી શકીએ. આપણે જો ઈન્દ્રિયોને કાબૂમાં રાખીએ અને મનની વૃત્તિઓ ઉપર વિજય પ્રાપ્ત કરીએ તો આપણે આપણાં જીવનનાં શ્રેષ્ઠ ઘડવૈયા કે ઉત્તમ શિલ્પી બની શકીએ. માનવ મનની વૃત્તિઓ જેવી કે રાગ-દ્વેષ, ઘૃણા-તિરસ્કાર, નફરત-અણગમો, અહમ-ઈર્ષ્યા, કામ-ક્રોધ, મોહ-લોભ જેવા નકારાત્મક અને નિષેધાત્મક દુર્ગુણોને આપણે જીવનશૈલીમાં બદલાવ લાવી કાયમી ધોરણે ત્યજી દઈ તેમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવવાની છે જેને સ્થાને ઈશ્વરીય ભેટમાં નૈસર્ગિક સદ્‌ગુણો જેવા કે પ્રેમ, સ્નેહ, હૂંફ, ઉદારતા, દયા-કરુણા, સદ્‌ભાવના, સમાનતા, સેવા-સમર્પણ જેવા સદ્‌ગુણોનું જીવન પર્યન્ત સિંચન કરી વિકસાવવાના છે. આ ઉપરાંત રોજિંદા જીવનમાં સાદું જીવન, સાદું ભોજન, સરળ ઉમદા જનમંગલ કલ્યાણકારી સેવામય સત્‌કાર્યો પ્રવૃત્તિ બને તો



જીવનમાં અમૃતમય આનંદરસ અને ઉચ્ચ પવિત્રતાની અનુભૂતિ થાય. આ મીઠાં-મધુરાં માધુર્યમય જીવનમાં સત્સંગ, સ્વાધ્યાય-વચનામૃત સાથે સાથે પ્રભુનામ હરિસ્મરણમાં સતત ક્ષણેક્ષણ ગળાડૂબ રહીએ તો અવશ્ય ખુશી-ખુશી ખુશાલીની લહેરીઓ ઉદ્‌ભવે.

વધુમાં આસ્થા-શ્રદ્ધાવાન બની મૌનને સાથે રાખી પ્રસન્નકારી શુભવિચારો સાથે જીવીએ અને વિશ્વાસુ-પ્રમાણિક પારદર્શક જીવનની અનુભૂતિ કેળવીએ જે અવશ્ય સાકર જેવી મીઠી લાગે. આપણે ઈશ્વરીય બક્ષિસમાં સદ્‌ગુણોને વધાવી લઈ હૈયામાં ધારણ કરી ફૂલો જેવી સુગંધ-સુવાસ જીવનમાં ભરવાની છે અને તે દ્વારા પ્રત્યેક પળો-ક્ષણોને શુભઘડીઓમાં પરિવર્તિત કરી મધુરતાની અનુભૂતિ પામવાની છે. આ ઉચ્ચ કોટિનાં જીવનમાં વળી દાન-પુણ્ય-સેવા ઉદારતાની હાજરી તો હોય જ! આ ઉપરાંત સમગ્ર સૃષ્ટિનાં સૌ સજીવોમાં સમભાવ તેમજ પ્રભુ પ્રત્યે નિર્મળ, નિજાનંદ સહૃદયી પ્રેમ ધારણ કરી સમર્પણ-શરણાગતિ સ્વીકારી આનંદ-પરમાનંદ ચિદાનંદની પ્રાપ્તિ કરી શકાય. અંતે લખું તો આપણાં સૌનાં મક્કમતાપૂર્વકનાં પ્રમાણિક પ્રયત્નો હોય, આશાવાદી સંકલ્પો અને અભિગમ હોય તો અવશ્ય ગુણવતાભર્યું ઉચ્ચ જીવન જીવી શકાય. દૈનિક જીવન કે નિત્યકર્મોમાં આપણે જો સજાગ રહી આ પ્રમાણેનું આચરણ કરીએ તો લાંબુ સ્વાસ્થ્યસભર, ઉર્જાવાન, જ્યોર્તિમય, દિવ્ય-ભવ્ય અને મધુરતાથી છલોછલ જીવનનાં આપણે શ્રેષ્ઠ શિલ્પકાર બની શકીએ!

(૮૦, જ્યોતિકલશ સોસાયટી, સુંદરવનના ખાંચામાં, જોધપુર ટેકરા, અમદાવાદ-૧૫)

## ૫. "એને નથી ગંગાજળ જોઈતું કે નથી અત્તર!"

તે દિવસે રાજનૈતિક કેદીઓના વોર્ડમાં મોડે સુધી ફાંસીની સજાના ઔચિત્ય વિશે ચર્ચા ચાલતી રહી. બીજે જ દિવસે એક કેદીને ફાંસી મળવાની હતી. રામાનંદનું મક્કમપણે માનવું હતું કે કોઈ પણ સંજોગોમાં ફાંસીની સજા ન જ થવી જોઈએ. ફાંસીની સજા નાબૂદ કરવાથી ખૂનના ગુનાઓ વધ્યા નથી. એમ ઘણા દેશોનો અનુભવ કહે છે. લાલચંદનો અભિપ્રાય એવો હતો કે ફાંસી થવી જ જોઈએ. અને તેમાંયે દેશદ્રોહીઓને તો અવશ્ય.

આ ચર્ચા કરતાં કરતાં થાકીને તેઓ સૂવાની તૈયારી કરી રહ્યા હતા. એટલામાં જેલરના આગમનના ખબર મળ્યા. કોઈએ કહ્યું, 'છેવટની ઈચ્છા પૂછવા આવ્યા હશે. કેટલી વિચિત્ર પ્રથા છે! મારવો હોય તો મારી નાખો, પણ બાપડાની આવી ક્રૂર મજાક કાં કરો? ત્યાં તો જેલર સાહેબ આ બાજુ આવી રહ્યાનું સંભળાયું. રામાનંદ કહે, 'અત્તર માગવા આવ્યા હશે!' બે મહીના પહેલાં એકે અંતિમ ઈચ્છામાં અત્તર અને

ગંગાજળ માગ્યું હતું. આવા પ્રસંગ માટે જેલમાં ગંગાજળ રખાતું જ, પણ અત્તર તો આ રાજદ્વારી કેદીઓ પાસેથી જ મળી શક્યું હતું!

જેલરે આવતાવેંત કહેવા માંડ્યું, 'જજ તો બે શબ્દ લખી છૂટી જાય, પણ માણસને મારવો કાંઈ સહેલી વાત છે? હવે, આ માણસ કાંઈ જુદી જ ભાષામાં લવારો કરે છે. હું તેનો અક્ષરેય સમજતો નથી. પેશાવરી લાગે છે. તમારામાંથી કોઈ જાણે છે?'

બધાની નજર રામાનંદ તરફ વળી, એ વેશપલટો કરી તે બાજુ જઈ આવેલો. એ જેલરની સાથે ગયો. બંને જણ ફાંસીની કોટડી આગળ આવ્યા. રામાનંદે તેની સાથે પેશાવરીમાં વાત શરૂ કરી. પોતાની ભાષા જાણનાર કોઈ છે એ જાણી પહેલાં તો એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. પછી શાંત થઈ એણે પોતાની વાત કહેવા માંડી.

''ભાગલા પછી હું દિલ્હી આવ્યો ત્યારે મારું ખિસ્સું અને પેટ બેઉ ખાલી હતાં. મેં ઘણાને કહ્યું કે હું અનુભવી કમ્પાઉન્ડર છું, નોકરી આપો. પણ કોઈએ મને નોકરી ન આપી. ભીખ તો કેમ મગાય? આખરે કંટાળીને આપઘાતના વિચારે હું જમના કાંઠે ગયો. પણ તેવામાં અમારા તરફના એક માણસે મને ઊભો રાખી પૂછ્યું, 'તારે નોકરી જોઈએ છે?' જાણે ઈશ્વર જ ન મોકલ્યો હોય! આંધળાને આંખ મળે પછી જ પૂછવું જ શું?'

'ફલકચંદનું એક કારખાનું હતું. તેમાં તે દુર્ગંધયુક્ત માટીમાંથી સુગંધિત હેર ઓઈલ બનાવતો. મેં ત્યાં કામ કરવા માંડ્યું. પછી તો લગ્ન કર્યા અને હું એક બાળકનો પિતા બન્યો. પછી ફલકચંદ શેઠે પેનિસિલિનનું કારખાનું ખોલ્યું. હવે હકીકતમાં પેનિસિલિનની તો માત્ર શીશી ને લેબલ જ. બાકી અંદર ભરવાનું નકરું પાણી જ. દવાવાળાઓ અમારી સસ્તી શીશીઓ લઈ સ્ટાન્ડર્ડ ભાવે વેચવા લાગ્યા. ફલકચંદ આમાં ખૂબ કમાયો. મારું દીલ ડંખતું. પણ રોટલા પર પાટુ મારી બેકાર બનવું પોસાય તેમ નહોતું.

જેલર બિચારો અકળાયો. આ અંતિમ ઈચ્છા કહેતાં એટલું લાંબુ ભાષણ શું ચાલે છે? એણે રામાનંદને પૂછ્યું, તો રામાનંદે એને ધીરજ રાખવા કહ્યું. અને પેલાની વાત આગળ ચાલી.

'એક દિવસ કારખાનામાંથી પાછો ફરતો હતો ત્યાં પડોશમાંથી રડવા-કૂટવાનો અવાજ સંભળાયો. હું એ ઘરમાં ગયો. ચોધાર આંસુએ રડતી સ્ત્રીએ કહ્યું, 'એમને ન્યુમોનિયા થયેલો. મારા કંગન વેચી નાખીનેય આટઆટલા દવાદારૂ કર્યા, પણ કાંઈ કામ નહીં આવ્યું. આ જુઓ ઈન્જેક્શન જ કેટલાં દીધાં!'

'મેં જોયું તો ત્યાં પેનિસિલિનની કેટલીય ખાલી શીશીઓ પડી હતી, પણ ... આ તો અમારા જ કારખાનાની. હા, એમાં કોઈ શક નહીં. અને મને વીજળીનો ઝાટકો લાગ્યો. મારું માથું ચક્કર ભમવા લાગ્યું. સામે પડેલી લાશ માટે હું જવાબદાર છું. અને આવી કેટલીયે લાશો મારે કારણે પડી હશે. હું ખૂની છું.

'હું બહાર નીકળ્યો. ક્યાં જઈ રહ્યો હતો તેની ખબર નથી. સામેથી ફલકચંદ આવતો દેખાયો. કહે છે કે હું એના પર તૂટી પડ્યો અને એ મરી ગયો. પણ ઈશ્વર જાણે છે કે મને આમાંની કશી ખબર નથી. આ બધું પણ મેં અદાલતમાં સાંભળ્યું. હવે જેલર સાહેબ પૂછતા હતા કે મારી અંતિમ ઈચ્છા શી છે? હું એમને આજીજી કરું છું કે ફલકચંદના ખૂન કેસમાં નહીં, પણ સેંકડો દર્દીઓને બનાવટી પેનિસિલિનથી માર્યા તે બદલ મને ફાંસી આપો. મરવાનો મને અફસોસ નથી. પણ મારા પર આરોપ સાચો મુકાવો જોઈએ.'

રામાનંદ મનોમન બોલ્યો, 'દેશદ્રોહ કરતાંયે વધારે મોટો ગુનો હોઈ શકે તેને માટે કદાચ ફાંસીની સજા...'

ભાવાવેશથી એ ધ્રૂજતો હતો. 'મારી આટલી અમથી ઈચ્છા નહીં પૂરો કરો? એના ચહેરા પર દયામણા ભાવ હતા. રામાનંદે એને સાંત્વન આપ્યું.

ત્યાં તો જેલરે પૂછ્યું, હવે તો કહો કે એ શું માગે છે?'

રામાનંદે માંડીને એને બધી વાત કરી. 'ના એને નથી ગંગાજળ જોઈતું કે નથી અત્તર!'

(શ્રી મન્મથનાથ ગુપ્તની હિન્દી વાર્તાને આધારે. પ્રેષક - વિક્રમભાઈ દલાલ)

---

**આપનું લવાજમ પૂરું થાય છે?**

કેટલાક સભ્યોનું લવાજમ ડિસેમ્બર-૨૦૧૬માં પૂરું થઈ રહ્યું છે. જો આપનું લવાજમ આ અંક સાથે પૂરું થતું હોય તો સત્વરે વિચારવલોણું પરિવારની ઓફિસે ચેક અથવા તો મની ઓર્ડર કે રોકડેથી મોકલી આપશો. લવાજમ મોકલતી વખતે આપના નામના પ્રથમાક્ષર સાથેનો આપનો સભ્ય ક્રમાંક અવશ્ય લખશો. આપના અંકોની ફાઈલ નિયમિત જળવાઈ રહે તે માટે લવાજમ સમયસર રિન્યૂ કરાવવાનો આગ્રહ રાખશો.

**જે સભ્યોનું લવાજમ ડિસેમ્બર-૨૦૧૬માં પૂરું થઈ ગયેલ હશે. તે સભ્યોને ફેબ્રુઆરી ૨૦૧૭થી અંક મળશે નહીં તેની નોંધ લેવી. - વ્યવસ્થાપકશ્રી.**

**અગત્યની સૂચના :**

હવે પછીથી વિચારવલોણું ઓફિસનો નંબર ''૦૭૯-૩૦૧૨૨૭૩૬'' ને બદલે **''૯૯૧૩૨૩૯૬૫૭''** રહેશે. જેની સૌ વાચકમિત્રોએ નોંધ લેવી.

## સેવાગ્રામ આશ્રમ - પ્રાણીસંગ્રહાલય

## નારાયણ દેસાઈ

આ પ્રસંગે એક એવી વ્યક્તિની વાત કહીશ કે જે વિચિત્રતાથી ભરપૂર છતાં વિશેષતાઓથી સભર છે. જે એમ તો પોતાની જાતને ક્યાંય છુપાવી રાખે છે, છતાં ઈતિહાસમાં ઓછામાં ઓછી એક વાર તો જેણે બ્રિટિશ સરકારને હંફાવી મૂકેલી. એ વ્યક્તિ તે આચાર્ય ભણસાળી — અમારા સૌના વ્હાલસોયા ભણસાળીકાકા.

એક દશ્ય. કિલ્લે સોનગઢ ગામનું એક અવાવરું મકાન. એમાં અર્ધો ગાંડા જેવો ને અર્ધો સાધુ જેવો દેખાતો માણસ પડ્યો છે. એક સમાજસેવક ત્યાં જઈ ચડે છે.

'ઓહો! ભણસાળીભાઈ! તમારા આ હાલ!' જવાબમાં ભણસાળીકાકા ગગન ગજાવતું અટ્ટહાસ્ય કરે છે. પણ મોઢે એકે શબ્દનો ઉચ્ચાર નહિ. સમાજસેવક એમના બંને પગેથી વીસ વીસ, પચીસ પચીસ કાંટાઓ કાઢી આપે છે. અને એમને રૂંવાડે રૂંવાડેથી પરુ ધોઈ-લૂછી આપે છે. 'થોડા દિવસ અહીં જ વિસામો કરો.' પણ સાધુ ચલતા ભલા. તેમાં આના તો પગના કાંટા નીકળી ચૂક્યા હતા.

'પણ તમે બોલતા કેમ નથી?'

કાગળ પેન્સિલ લઈને ભણસાળીકાકા લખી આપે છે : 'બાર વર્ષનું મૌન છે.'

'બાર વર્ષ!'

ભણસાળીકાકા આગળ કોઈ આંકડો નાનો તો હોય જ નહિ. પહેલવહેલા ઉપવાસ કર્યા તો ૪૦ દિવસના, બીજી વાર કર્યા તો ૫૫ દિવસના અને તે પછી કર્યા એ તો દેશવિખ્યાત આષ્ટી-ચિમૂર અત્યાચાર વિરુદ્ધના ૬૩ દિવસના!

રૂંવાડાના ઘા પોતાની જાતને થોરની વાડ પર ફેંકવાના પ્રયોગને લીધે થયા હતા! ભણસાળીકાકા જઈ રહ્યા હતા સાબરમતી આશ્રમથી વર્ધા ભણી. ૫૫ દિવસના ઉપવાસ દરમિયાન માનસિક અસ્થિરતા આવી ગઈ હતી. પછી હિમાલય સુધીનો પેદલ પ્રવાસ અને બાર વર્ષનું મૌન આરંભ્યું. દેશની વાસ્તવિક પરિસ્થિતિનાં દર્શન આ યાત્રા દરમિયાન થયાં.

હિમાલયથી પાછા ફરતાં રાજસ્થાનના એક ગામડામાં એમને ઉતારો મળ્યો એક કોઢમાં. રાતે ઢોરે પગસંચાર કર્યો. ભણસાળીકાકાથી બોલાઈ ગયું : 'કોણ?' અને તરત યાદ આવ્યું કે, મૌનભંગ થયો. ત્યારથી એ ફિકરમાં હતા કે એવી કંઈક યુક્તિ કરવી જોઈએ કે રાતે ઊંઘમાં પણ મૌન તૂટે નહિ. યુક્તિ તો એમને તરત સૂઝી ગઈ. પણ એને અમલમાં આણી આપનાર મળ્યા ઠેઠ ધાંગ્રધ્રામાં. એક સોનીએ ત્રાંબાના જાડા તારને ધખધખાવી એમના બંને હોઠોને સીવીને તાર વાળી આપ્યો! ભણસાળીકાકાએ પેલા ભાઈનો પાડ માન્યો. એ જ ભાઈએ મોઢામાં એક બાજુથી ખોસીને પ્રવાહી પી શકાય એવી ભૂંગળી પણ બનાવી આપી. તે વખતે ભણસાળીકાકા કાચો લોટ ને કડવા લીમડાનાં પાન ખાતા. લોટને પાણીમાં



ઓગળાવીને ચૂસવાનું શરૂ કર્યું. અને લીમડાનાં પાન તો સહેલાઈથી હોઠના એક ખૂણેથી અંદર ખોસી દેવાતાં. સાબરમતીમાં બાપુ જોડે ભેટો થયો ત્યારે તેમણે હોઠનો તાર કપાવડાવી નાખ્યો. એ દશ્ય બીજું.

ત્રીજું દશ્ય મગનવાડીનું. બાર વર્ષનું મૌન ચાલુ હતું. પણ બાપુએ દલીલ કરીને ભગવાનનું નામ લેવાની છૂટ કરાવી હતી. બગલમાં એક પછી એક અનેક વાર કાખબિલાડી થઈ હતી. જોનારને ત્રાસ છૂટે એવી છતાં ભણસાળીકાકાનો રેંટિયો ચાલુ. તાર ખેંચે એટલે બગલમાંથી લોહી કે પરુની પિચકારી છૂટે અને એ જોઈને ભણસાળીકાકા ખડખડાટ હસે ને એ હસવાને લીધે પાછી લોહીની પિચકારી છૂટે! એક વાર બાપુએ એમને સારવાર સારુ સિવિલ હોસ્પિટલમાં મોકલ્યા. સિવિલ સર્જને બગલનું પરુ કાઢવા અંદર એક સળિયો ખોસી દીધો. ભણસાળીકાકાએ એ વખતે પણ જોરથી અટ્ટહાસ્ય જ કર્યું! સિવિલ સર્જને કાકાને કહ્યું : 'આવો દરદી મેં તો જિંદગીમાં બીજો કોઈ દીઠો નથી, બીજા પણ કયા તબીબે જોયો હશે તે મને ખબર નથી.'

બાપુ અને ભણસાળીકાકા વચ્ચે ચર્ચાઓ ચાલતી રહી. બાપુ બોલે ને ભણસાળીકાકા લખે. પછી એ ચર્ચાઓ પૂરતું મૌન છોડવાનું કબૂલ કરાવ્યું. અને છેવટે અમને લોકોને ભણાવવા પૂરતું પણ મૌન છોડવાનું કબૂલ કરાવ્યું.

ચોથું દશ્ય સેવાગ્રામ. ભણસાળીકાકા મને ભણાવવા બેઠા છે. રેંટિયો ચાલે છે. પાસે એક ટોપલો ભરીને ગાજર પડ્યાં છે. આખા દિવસમાં ટોપલો ચવાઈ જાય છે. કોઈ કોઈ વાર શિષ્ય પણ ગુરુનો પ્રસાદ પ્રાપ્ત કરે છે! કોઈ વાર ગાજરને ઠેકાણે જામફળ હોય છે. કોક વાર એ બંનેને ઠેકાણે સેપરેટ કરેલા દૂધની એક ડોલ ભરેલી પડી હોય છે. પણ ભણસાળીકાકાના ભોજનની માત્રામાં ઝાઝો ફેર પડતો નથી! વચ્ચે તેઓ ખજૂર ખાતા. તેથી તેમને ભૂત દેખાતાં એવી એમની ફરિયાદ હતી. તેથી તે બંધ કર્યું. પછી લસણ શરૂ કર્યું. લસણ એટલે એક કે બે કળી નહિ. ખાસ્સી બસો ત્રણસો કળીઓ. આખા ને આખા મૂઠા ભરીને બુક્કા ભરી જાય! એમાંથી માંદગી આવેલી અને મરતાં બચેલા. સરદાર એ દિવસોમાં સેવાગ્રામ આવેલા. પૂછે : 'કેમ, ભણસાળી જવાની તૈયારી કરતા' તા કે શું!'

'એની કળા અકળ છે.'

સરદાર હસીને કહેતા : 'કોક વાર એની જોડે વાતો થાય તો આપણા રામ રામ કહેજો.'

આ જ દશ્યનું એક બીજું પાસું. સેવાગ્રામના એક હવાડામાં છાતી સમાણા પાણીમાં ભણસાળીકાકા બેઠા છે. માથે એક પોણો મણ વજનનો પથરો ગોઠવ્યો છે!

'આ શો પ્રયોગ છે?''

'કંઈ નહિ. એ તો ધ્યાનની દષ્ટિએ ઠંડકની જરૂર લાગી. પહેલાં તો પગે દોરડું બાંધી કૂવામાં ઊંધે માથે લટકવાની ઈચ્છા હતી. ચીમનલાલભાઈએ (આશ્રમના વ્યવસ્થાપકે) કહ્યું કે બાપુની રજા લો. બાપુને કાગળ લખ્યો, પણ એમણે રજા ન આપી. મેં ફરી કાગળ લખ્યો કે કમસે કમ હવાડામાં બેસવાની તો છૂટ આપો. તે એમણે આપી છે.'

'પણ આ મણીકો શું કામ?'

'એ તો પહેલે દિવસે હવાડામાં બેઠો ત્યારે ઢોરો આવીને પાસેથી પાણી પીતાં. એમનાં શિંગડાંના ભયે ભૂલમાં કોઈ વાર શરીર ઊંચું ન થઈ જાય એટલા સારુ માથે વજન મૂક્યું છે.'

એબટાબાદથી આવીને બાપુએ આ પ્રયોગ તરત બંધ કરાવેલો. ગમે તેટલો સખત આગ્રહ હોય, પણ બાપુની ના હોય તો ભણસાળીકાકા એમની સામે દલીલ પણ ન કરતા.

વચ્ચે આશ્રમમાં અમને કેટલાકને હડકાયેલું શિયાળ કરડ્યું. ભણસાળીકાકાને ફરીફરીને ત્રણ વાર કરડ્યું. પણ એમણે કોઈને કહ્યું પણ નહિ. એ તો સદ્ભાગ્યે એમના હાથ પર ઘા દેખાયા. એટલે ખબર પડી. પછી ઈંજેક્શન લેવાની ના પાડી. પણ બાપુની આજ્ઞા થઈ એટલે કબૂલ્યું. પછી વર્ષો સુધી મોટરમાં જવાની ના પાડી. પણ પહેલે દિવસે મોટરમાં જવાનું વળી પાછી બાપુની આજ્ઞાથી કબૂલ્યું.

બાપુ સાથે માત્ર એક વાર એમનો મતભેદ થતો મેં જોયો છે. આશ્રમની એક બહેનને એની કાંઈક નજીવી ભૂલને લીધે બાપુ આશ્રમ છોડી જવાની સલાહ આપતા હતા. એ બહેન વિધવા હતાં. એમણે ભણસાળીકાકાને વાત કરી. ભણસાળીકાકાને લાગ્યું કે આ બાબતમાં બાપુ તરફથી અન્યાય થતો હતો. એમણે બાપુને નોટિસ આપી : 'તો હું પણ આશ્રમ છોડીને આ ચાલ્યો!'' બાપુએ નમતું જોખ્યું.

સમાજના નિર્બળ વર્ગ સારુ ભણસાળીકાકાનું હૃદય ઝણઝણી ઊઠતું. ગરીબને થતા અન્યાયને જોઈને ઘણી વાર તેઓ ઉશ્કેરાઈ ઊઠતા. સ્વરાજ પછી એક વાર જ્યારે તેલંગણા નિમિત્તે સરકારે સામ્યવાદીઓની મોટા પ્રમાણમાં ધરપકડ કરેલી ત્યારે તેમણે સરદારને કાગળ લખેલો કે, 'મને પણ પકડી લો. હું અહિંસામાં માનનારો સામ્યવાદી જ છું.'

અને આષ્ટી-ચિમૂરમાં સ્ત્રીઓ પર થયેલા અત્યાચારની કથની સાંભળી એમનો પુણ્યપ્રકોપ પ્રગટેલો ને તેને લીધે ઉપવાસ આદરેલા એ તો ભારતના ઈતિહાસની અમર કહાણી છે. એ ઉપવાસમાં પહેલા પંદરેક દિવસ ભણસાળીકાકાએ પગપાળા મુસાફરી પણ કરેલી અને એ પંદર દિવસ એમના ઉપવાસ નિર્જળ હતા. પછીના અડતાળીસ દિવસ તેઓ પથારીવશ હતા. એક પછી એક દિવસ પસાર થતો જતો હતો ને ૪૨ના આંદોલન પછી સરકારી માર ખાઈને મૂર્છિત થયેલી જનતા સળવળતી જતી હતી. રેલના પાટા તોડવા, તાર કાપવા, ટપાલની પેટીઓ બાળવાના કાર્યક્રમના જવાબ સરકાર પાસે હતા. પણ એક વિશુદ્ધ નૈતિક મુદ્દા ઉપર એક સંત દ્વારા આરંભાયેલા ઉપવાસના અમોઘ શસ્ત્રનો જવાબ નિષ્ઠુર સરકાર પાસે કશો નહોતો. આખરે એ પ્રસંગની તપાસની કબૂલાત કરી અને ભારતના નારીત્વનું સ્વમાનરક્ષણ થયું.

આજે ભણસાળીકાકાનું શરીર સાવ લથડ્યું છે. પરંતુ તેઓ નાગપુર પાસે ટાકલી નામના ગામમાં રહી ગ્રામસેવાનું કામ અખંડ વ્રતપૂર્વક કરી રહ્યા છે. સેવાગ્રામ આશ્રમ જો પ્રાણીસંગ્રહ હતો તો ભણસાળીકાકા એમાં સ્વતંત્ર વિચરતા સિંહ હતા.

('સંત સેવતાં સુકૃત વાધે' માંથી, ગુર્જર ગ્રંથરત્ન)





## ભળભાંખળે ટમટમતો દીવો : 'સાઠ સેકન્ડનું અજવાળું'

**સોનલ પરીખ**

'પહાડી વિસ્તારમાંથી પસાર થઈ રહેલી બસને અધવચ્ચે ઊભી રખાવી એક દંપતી ઊતરી ગયું. આગળ ગયેલી બસ ઉપર મોટી ભેખડ પડી અને બધા યાત્રીઓ મરી ગયા. દંપતીએ વિચાર્યું, 'આપણે ઊતરી ગયાં તે ભૂલ થઈ.' છેલ્લું વાક્ય વાંચીને આપણને આંચકો લાગે છે – ઊતરી ગયાં તો બચી ગયાં, તો પછી એવું કેમ વિચારે છે કે આપણી ભૂલ થઈ? આગળનાં વાક્યો છે, 'જો આપણે વચ્ચે ઊતરવા બસ ઊભી ન રખાવી હોત તો તેનાથી બચેલા સમય દરમિયાન ભેખડ ધસી પડી તે પહેલા બસ ત્યાંથી પસાર થઈ ગઈ હોત અને બધા યાત્રીઓ બચી ગયા હોત.' વિચારવાની આ રીત પર વારી જવાનું મન નથી થતું?

આવેલું વર્ષ પૂરું થતાં ને નવા વર્ષની શરૂઆત થતાં વાર લાગતી નથી. નાનાં નાનાં પરિવર્તનોથી આપણે તેનું સ્વાગત કરી શકીએ. એ ઘડીને ઊંબરે આવીને ઊભા છીએ ત્યારે નાનાં પરિવર્તનો તરફ લઈ જતા એક નાનકડા પુસ્તકની વાત કેમ ન કરીએ? આ પુસ્તકનું નામ છે 'સાઠ સેકન્ડનું અજવાળું' - શીર્ષક નીચે પંક્તિ આપી છે : 'એક મિનિટ માટે પણ આંખો બંધ કરીએ છીએ ત્યારે સાઠ સેકન્ડનું અજવાળું ગુમાવીએ છીએ.'

હથેળી કરતા પણ ઓછી લંબાઈની ચોરસ આકારની આ પુસ્તિકા વીનેશ અંતાણીની 'ડૂબકી' શ્રેણીની પાંચમી પુસ્તિકા છે. આગવી શૈલીની નવલકથાઓ દ્વારા આપણે જેમને ઓળખીએ છીએ તે વીનેશ અંતાણીનો આ એક જરા જુદો ચહેરો છે. તેમની સર્જકતા આમાં મૈત્રી અને માર્ગદર્શનનું આછું આવરણ ઓઢે છે. લગભગ ૫૦૦ શબ્દોનો એક એવા ૩૪ લેખોમાં તેમણે વાચકો સાથે સીધી વાત માંડી છે અને સંબંધો, પોઝિટિવિટી, બાળમાનસ, પ્રેમ મનોવિજ્ઞાન, જિંદગી અને મૃત્યુની ચર્ચા કરી છે. દાખલાઓ, તારણો અને અવતરણોની તેની પ્રાત્યક્ષિતતા વધારે છે. સૂત્રાત્મક વાક્યો પણ ઘણાંબધાં મળે છે, જેમ કે – 'કલ્પનાશીલતા અને કલ્પના દ્વારા પલાયન એ બે જુદી વસ્તુ છે', 'આર્થિક સફળતા અને અંગત પ્રસન્નતાનું મિશ્રણ થવું જોઈએ', 'નાની મજાઓમાં મોટું સુખ રહેલું છે', 'કટોકટી આવે ત્યારે જ આપણને આપણી માનસિક તાકાતની જાણ થાય છે', 'ઢાંચામાં ઢળેલી જિંદગી એવી માફક આવી જાય છે કે તેનાથી જુદું કંઈક થાય ત્યારે ઘાંઘા થઈ જવાય છે', 'રિસ્પોન્સ અને રિએકશન વચ્ચે ફરક છે', 'વિચારશક્તિ પર લાગણી અને પૂર્વગ્રહ હાવી થઈ જાય ત્યારે મુશ્કેલી ઊભી થાય છે'.

'ગમવા-ન ગમવા વચ્ચે ફસાયેલી જિંદગી' લેખનું છેલ્લું વાક્ય છે : 'મને અરીસામાં જોવું ગમ્યું છે અને હું ખસી જાઉં પછી ખાલી થઈ ગયેલો અરીસો જોવો મને કદી ગમ્યો નથી.

જિંદગીના પાછલાં વર્ષો શરૂ થયાં છે ત્યારે લાગે છે કે મને જીવવું ગમ્યું છે અને કોઈ એક ક્ષણે મારું જીવવું બંધ થઈ જશે તે સત્ય મને ગમતું નથી.'

જિંદગીના રંગો દેખાડતા એક લેખમાં તેમણે એક બહેનનું ઉદાહરણ આપ્યું છે. એ કહે છે, 'મારા પિતા ગામથી થોડે દૂર આવેલા તાલુકામથકની એક પેઢીમાં ગુમાસ્તાનું કામ કરતા. માને અસાધ્ય રોગ હતો, છતાં એક પ્રાથમિક શાળામાં શિક્ષિકાનું કામ કરતી. પિતાજી સવારમાં વહેલા ઉઠે, બધા માટે ગરમ નાસ્તો બનાવે, પછી સાયકલ પર પહેલા માને તેની શાળાએ મૂકી આવે, પછી અમને ત્રણ બહેનોને સાયકલ પર બેસાડી સ્કૂલબસ સુધી મૂકવા આવે, ત્યાર પછી સાયકલ ચલાવતા પોતાના કામે જાય. રાતે ખૂબ થાકી ગયા હોય, છતાં હસતા મોંએ પૂછે, દિવસ કેવો ગયો? - આ વાતને વર્ષો વીતી ગયાં છે. પિતાજીને વિસ્મૃતિનો રોગ લાગુ પડ્યો છે. મા મરી ગઈ છે. હું પરણી શકી નથી. ઘરમાં અમે બે જ છીએ. એક હું, જેને બધું જ યાદ છે અને બીજા પિતાજી, જેમને કશું જ યાદ નથી. અમારું જીવવું ક્યારનું પૂરું થઈ ગયું છે અને અમે શાના માટે જીવ્યા તેની તો અમને ખબર જ પડી નથી.'

નિવૃત્તિ વિશેનો અભિગમ જોઈએ : 'જે કામ સેવાનિવૃત્તિ પહેલા રોજ રોજ અને ઘણા કલાકો સુધી કરતા હોઈએ તેને જ આપણી એક માત્ર ઓળખ માની લેવાની ભૂલ કરી બેસીએ છીએ, પણ દરેક વ્યક્તિ તેની વ્યાવસાયિક પ્રવૃત્તિથી ઘણું બધું વધારે હોય છે. નિવૃત્તિકાળ તો પોતાની સાચી ઓળખ પાછી મેળવવાનો સમય હોય છે. જે કામ અત્યાર સુધી થઈ શક્યાં નહીં તે કરવાનો સમય નિવૃત્તિ પછીની સક્રિયતામાંથી જ મેળવી શકાય છે.'

મૃત્યુ વિશેના લેખમાં તેમને રેડ ઈન્ડિયન લોકોની એક કહેવત ટાંકી છે, 'એ તો આપણને એવું લાગે છે, બાકી મૃત્યુ કંઈ જીવનથી અલગ નથી'. એવા જ એક લેખમાં તેમને જાપાનના હવાઈદળના કૅપ્ટનનો પોતાનાં બાળકો પરનો પત્ર ટાંક્યો છે. એક જોખમી મિશન પર જતાં પહેલા તેમણે એ પત્ર લખ્યો હતો : 'હવે પછી તમે મને જોઈ શકવાનાં નથી, પણ હું તમને હંમેશાં જોતો હોઈશ. હું હવે તમારી સાથે ઘોડો-ઘોડો રમી શકીશ નહીં, પણ એ બહુ મોટી વાત નથી. તમારે જિંદગીભર યાદ રાખવા જેવી મોટી વાત એ હશે કે તમારા પિતાએ દુશ્મનોનો કચ્ચરઘાણ વાળી નાખ્યો હતો અને પછી સામી છાતીએ મૃત્યુને ભેટ્યો હતો...'

આ છે 'સાઠ સેકન્ડનું અજવાળું'ની ગાગરમાં સમાયેલા સાગરનાં ઊજળાં મોતી. એમ તો આ બધી વાતો એટલી નવા નથી. પોતાની જાતમાં ડૂબકી મારતાં આવડતું હોય તો આપણને આ મોતી આપણી અંદરથી જ મળે. પણ તેમ ન થાય ત્યાં સુધી ''સાઠ સેકન્ડનું અજવાળું' ઉંમરના અને પરિસ્થિતિના કોઈ પણ તબક્કે આપણી જિંદગીનો દોર આપણા જ હાથમાં રાખવાની દિશા ચીંધે ખરું.

નવા વર્ષના ભળભાંખળે એકાદ આવો ટમટમતો દીવડો પ્રગટાવી લઈએ તો ખોટું નહીં.

('સાઠ સેકન્ડનું અજવાળું' - વીનેશ અંતાણી, પ્રકાશક : આર.આર. શેઠની કંપની, ૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ અને 'દ્વારકેશ', રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-૧. પૃષ્ઠ - ૧૪૪, મૂલ્ય રૂ. ૭૫.૦૦)





## માનવ અધિકાર!!!

### દર્શના વ્યાસ

તો વાત છે આ વારાંગનાઓનાં મૂળભૂત માનવ અધિકારની! તેમનાં મૂલ્યોની સાચવણી, તેમનાં હિતોનાં રક્ષણની અને સામાન્ય માનવી તરીકે જીવવાના અધિકાર અને સંઘર્ષની. અમારા આ વારાંગનાઓનાં કાર્યોનાં કારણે અનેક આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય સંસ્થાઓ, સરકારી ખાતાઓ અને સમાજનાં ભિન્નભિન્ન લોકોના સંપર્કમાં વારંવાર આવવાનું બનતું.

વાત છે ૨૦૧૦ના જૂન મહિનાની. બપોરના સુમારે મારા સાથી કાર્યકરો સાથે બુધવાર પેઠનાં અમારા કમ્યુનીટી લર્નિંગ સેન્ટરમાં વારાંગનાઓનાં પ્રતિનિધિઓ અને સ્વૈચ્છિક સંસ્થાના નિયામકો જોડે આગલા ત્રણ મહિનાની રૂપરેખા તૈયાર કરી રહી હતી. ૨ વાગ્યે ચર્ચા શરૂ કરી તેટલામાં જ પોલીસ વાહનોનાં અવાજ સાથે પુલીસ આલી ની મોટે મોટેથી બૂમો પડવા લાગી. અમે દોડતાં બારણા પાસે આવ્યા. કશું સમજાવવાનાં પ્રયત્ન કરીએ તે પહેલાં ત્યાનું દૃશ્ય જોતા જ સડક થઈ ગયા.

વારાંગનાઓ અને તેમનાં ગ્રાહકો ભય સાથે, ડંડાના મારથી બચવા બૂમાબૂમ કરીને પોતાને બચાવવા માટે આમતેમ દિશાશૂન્ય દોડી રહ્યા હતા. મુખ્ય રસ્તાઓ પર પોલીસે વાહનો આડાં રાખી કોર્ડન કરીને નાકાબંધી કરી હતી. મહિલાઓ અને પુરુષો પર પોલીસ બેફામ લાઠી ચાર્જ કરતા હતા. પોલીસનાં ડરનાં કારણે બધા જ બ્રોથલસ્નાં બારણા બંધ કરી દીધા હતા. તો પોલીસો ડંડા મારી મારીને બારણાઓ ખોલાવતા હતા. ખાસ કરીને તાજમહાલ, પ્યાસા અને સાગર બિલ્ડીંગમાં સગીરબાળાને રાખી હોવાની માહિતી હોવાનાં કારણે પોલીસ રેડ પાડવામાં આવી હતી. બે થી ત્રણ મહિલા પોલીસ વારાંગનાઓનાં વાળ ખેંચી, ઢસડીને અને ઢોરમાર મારીને બળજબરીથી પોલીસ વાનમાં બેસાડતા હતા. અડધા જ કલાકમાં ૩૦ થી ૩૫ વારાંગનાઓથી વાન ખોચીખીચ ભરાઈ ગઈ. એટલે બારણું બંધ કરી દેવામાં આવ્યું. સાથે સાથે બારણા પાસે ઊભા રહીને કોઈ ભાગી ન જાય તેટલા માટે બારણા પર ડંડો પછાડી મરાઠી ભાષામાં ગાળ આપીને પોલીસો ધાક બેસાડવાનાં પ્રયત્નો કરતા હતા. વારાંગનાઓનાં ગ્રાહકો અથડાતા, કુટાતા, લોહી નીકળતી હાલતમાં ભાગી રહ્યા હતા. આ આખા બુધવારપેઠમાં તંગદીલીનું વાતાવરણ છવાયેલું હતું.

બે-ત્રણ વારાંગનાઓએ પ્રતિકાર કરી ભાગવાનો પ્રયત્ન કરતા તેમને ગળા પર ડંડાથી મારી, વાળ ખેંચીને અને પાટા મારીને તેમનાં બ્રોથલમાંથી લોહી નીકળતી અર્ધનગ્ન હાલતમાં બધાનાં વચ્ચે રસ્તા પર ઢસડીને મારતા હતા. એમાં વળી એમના આ પ્રતિકારને કારણે પોલીસનો આક્રોશ અને રુક્ષતા વધ્યા કારણ કે તેમના મતે વારાંગનાઓને પ્રતિકાર

કરવાનો હક્ક નથી. ફરી પાછું જોરથી એક પાટુ મારતા ત્રણ વારંગનાઓ બીજા માળનાં દાદરા પરથી ગબડી પડી. તેઓનાં કપડાનાં પણ ઠેકાણા ન રહ્યા. મહિલા પોલીસનો માનવતાહીન, ભાવહીન રુક્ષતાનાં કારણે અમે પણ ડઘાઈ ગયા. મગજ જાણે બહેર મારી ગયું હતું. ચારેબાજુ રોકકળ થતી હતી. વારંગનાઓનાં બાળકો પણ પોલીસના પગમાં પડીને માર ન મારવા માટે વિનંતી કરતા હતા. પણ જવાબમાં મહિલા પોલીસની બેથી ત્રણ લાતો પડી.

આ અફરાતફરીનાં મહોલમાં અચાનક મારી નજર મોઢાં પર કપડું બાંધીને અભદ્ર ભાષામાં છૂટ્ટા મોંઢે ગાળો આપતા અને પોલીસકર્મીને આગળ વધવા માટે નિર્દેષ આપતા એક બહેન પર પડી. તેમનાં આ વર્તન પરથી લાગ્યું કે આ આખીય પોલીસ રેડનાં તેઓ મુખ્ય સૂત્રધાર હશે અને તેટલામાં એક આધેડવયનાં નેપાળી બ્રોથલનાં મેનેજર ભાગવાનો પ્રયત્ન કરતાં આ બહેને એમને એવી તો જોરદાર લાત મારી કે તેઓ ગલોટીયું ખાઈને પેટ પકડીને બેસી ગયાં. તેમને પણ ઘસડીને પોલીસવાનમાં બેસાડવામાં આવ્યા. પોલીસવાનમાં લાગતું હતું કે જાણે ઘેટાં-બકરાં કતલખાના માટે ભરચક ભર્યા છે! વાનમાંથી તેઓનાં રડવાના તીવ્ર અવાજો અને દેકારો સંભળાતો હતો. લગભગ દોઢ કલાક થયો અને આવા તડકામાં ગાડીમાં પુરી રાખવાથી બે થી ત્રણ મહિલાઓ મૂર્છિત થઈ ગઈ. પાણી આપવા માટે ગયા તો પોલીસે પાણી આપવાની પણ ના પાડી. અને પેલા મોઢા પર કપડું બાંધેલા બહેન અચાનક બોલ્યા કે ''साली सब नौटंकी करती है। दो चार पडेंगे तो सब रोना धोना बंध! આમ કહીને બે થી ત્રણ ગાળો આપી. સ્થાનિક સંસ્થાવાળાઓ આ આખોય ખેલ મૂકપણે જોઈ રહ્યા હતા પણ પાણી પાવા માટે આગળ પણ ન આવ્યાં.

હું અને મારા સાથી કાર્યકરો પોલીસરેડમાં અત્યાર સુધી દખલ અંદાજી કર્યા વગર આ આખોય તમાશો જોઈ રહ્યા. પણ પાણી વગર ટળવળતી વારંગનાઓ, લોહીથી નીતરતા તેમનાં માથા અને જ્યારે એક દોઢ મહિનાનાં બાળકને માતાથી અલગ કરી તેણીને લોહી નીકળતી હાલમાં જોતાં જ અમારા આંતરમને બળવો પોકાર્યો. અત્યાર સુધી ચૂપ હતા કારણ કે વોરંટ હોવાથી કોર્ટનાં કાર્યમાં અને પોલીસ રેડમાં વચ્ચે ન પડ્યા પણ આવા અમાનવીય વ્યવહારથી અમે અમારી જાતને રોકી ન શક્યા અને બહાર રસ્તા પર આવી ગયાં. તેટલામાં જ મારા સહયોગી કહે કે, ''મેડમ, આપ બહાર ન જાઓ, કારણ કે આ આપણા પ્રોજેક્ટનાં મેન્ડેટની બહારનું છે. આપણે કશું જ ન કરી શકીએ.'' આમ જુઓ તો એ પણ સાચા હતા કારણ કે "Rescue and Police Raid" એ અમારું કાર્ય નથી. પણ તેઓએ જે રુક્ષતાથી અને ભાવહીન ચહેરાથી કહ્યું તે નવાઈ લાગી. થોડીક ક્ષણ વિચાર કરીને મારા સાથી ડૉ.ને કહ્યું કે એક સંસ્થાના વડા તરીકે નહીં પણ સ્ત્રી હોવાનાં કારણે મારી આ નૈતિક જવાબદારી બને છે કે આવા અમાનવીય અને ધિક્કારપૂર્ણ અત્યાચાર સહન ન જ કરી શકાય. આપણે પોલીસ અને કોર્ટનાં મામલામાં દખલ ન થઈ શકીએ પણ આમ ઢોરમાર મારવાથી તો રોકી



જ શકાય. આવાં ઢોર માર મારવાની કોર્ટ પણ પરવાનગી ન આપે કારણ કે વારાંગનાઓ આક્રમક નહોતી કે ન તો સામે મારતી હતી, તો પછી આવા ઢોર માર મારવાની શી જરૂર?

બહાર આવીને મહિલા પોલીસને વધારે માર ન મારવા માટેની વિનંતી કરતા જ પેલા મોઢું ઢાંકી રાખેલા બહેન અમને કહે કે, ''આ બધી જ વૈશ્યાઓ સમાજમાં કલંકરૂપ છે. તમને શું ખબર પડે? વચ્ચે પડવાની જરૂર નથી. અમને માહિતી છે કે અહીંયા બે સગીરાઓ છે. આ લોકોને ડંડા મારવા જ પડે, લાતોનાં ભૂત વાતોથી માનતા હશે? તમે ચાલ્યા જાવ તમને પણ ડંડા પડશે!'' પછી મારી ઓળખાણ આપતા તેઓ થોડા ઠંડા પડ્યા અને અણગમાં સાથે તરસી બહેનોને પાણી આપવા માટે પરવાનગી આપી. અમે વિનંતી કરવા છતાં દોઢ મહિનાની બાળકીને તેની માતાને સ્તનપાન તો ન કરાવવા દીધું. આ દોઢ મહિનાની બાળકીનું માતાથી અલગ થવાનું અને માતાના દૂધ વગર આક્રંદ હૃદયદ્રાવક હતું. પણ મહિલા પોલીસ અને પેલા બહેનનાં ચહેરા પર રુક્ષતા એમની એમ જ રહી અને બાળકને રડતું મૂકીને તેની માતા સાથે બંને પોલીસવાન ઝડપથી હંકારી ગયા. બાળકનું આક્રદ બંધ નહોતું થતું તેથી તેને સ્થાનીય ઘોડીયાઘરમાં મોકલી દેવામાં આવ્યું. ઘોડીયાઘરના સંચાલક પણ આ કકળતી બાળકીને જોઈને સ્તબ્ધ થઈ ગયા!

પેલા બહેન હજુ ત્યાં જ હતા. ત્યારબાદ તેમની ઓળખાણ માંગતા તેણીએ જણાવ્યું કે તેઓ પૂનાની સ્થાનિક માનવ-અધિકાર સંસ્થાના મેનેજર છે!!! જે માનવ અધિકારની લડાઈ લડે છે!

પોતાને ઓળખાઈ જવાની બીકથી, મોઢાં પર કપડું બાંધીને વારંગનાઓને છૂટ્ટા મોઢે ગાળો આપતા, પોલીસ સાથે રહીને ઢોર માર મરાવતા આ બહેન વારંગનાઓનાં માનવ અધિકારનું રક્ષણ કરવા માટે આવ્યા હતા! સાવ સાચી વાત!

નવાઈની વાત તો એ છે કે બુધવારપેઠમાં બે-ત્રણ દાયકાઓથી કાર્ય કરીને પોતાનાં રોટલા શેકનાર સ્વૈચ્છિક સંસ્થાઓ પણ પોલીસનાં આવા ધિક્કારપૂર્ણ અને અમાનવીય કૃત્યોનાં મૂક સાક્ષી બનીને, માર ન મારવા ન તો વિરોધ કર્યો કે ન પોલીસ રેડ બાદ આ વારાંગનાઓનાં ખબર અંતર પુછ્યા. સાથે સાથે બે થી ત્રણ પ્રેસવાળાઓ પોતાની સ્ટોરી બનાવવા વ્યસ્ત હતા અને તેઓને પણ આ મારઝૂડની અને અત્યાચારની અવગણના કરી અને પોતાનાં દૈનિક માટે મસાલો શોધતા હતા. બીજા દિવસે અપેક્ષા હતી કે આ ઘટના વિશે કશું છાપશે પણ આ આખીય ઘટના માત્ર અંદરના ત્રીજા પાનાં પર ચાર લીટીમાં સમેટાઈ ગઈ. જાણે આ વારંગનાઓનું અસ્તિત્વ જ નથી. માનવતા આ પત્રકારોનાં માથે જાણે દમ તોડતી હતી.

આ બાજુ બુધવાર પેઠમાં આ હૃદયદ્રાવક પોલીસ રેડ પછી બે કલાકમાં વારંગનાઓ રસ્તા પર ફરીથી ગ્રાહકોને રીઝાવ્યા અને લોભાવવા પાછી કામે લાગી ગઈ. બાકી જાણે કશું બન્યું જ નથી, બધા જ જાણે સામાન્ય.

રાધા અને નફીસાઆપા સાથે આ ઘટના પર પૂછ્યું તો તેઓએ જણાવ્યું કે, ''મેડમ અમને આવો શોક કે માતમ કરવાનું ન પોસાય, અમારે તો શરીર વેંચીને અમારા માલિકને સાંજ પડે રૂપિયા તો આપવા જ પડે. પછી ભલે અમને તાવ હોય કે માર માર્યો હોય! ન કમાઈને આપીએ તો અમને પોલીસનાં માર કરતા પણ વધારે ત્રાસ આપવામાં આવે. અમે તો આ બધા મારથી અને ધુત્કારથી ટેવાયેલા છીએ. અમારે અમારું જીવન તો જીવવું જ પડે! આજ અમારા જીવનની વાસ્તવિકતા છે.''

હું કાંઈ આગળ વિચારું તે પહેલાં રોષે ભરાયેલી વારંગનાઓ અને તેમનાં પ્રતિનિધિઓએ ચોંકી જવાય તેવી બાબતોનો ઘટસ્ફોટ કર્યો. તેઓનાં ચહેરા પર રોષ અને હાવભાવ બદલાયેલા હતા. જાણે ભારેલો અગ્નિ. તેઓએ મને જણાવ્યું કે અહીંયા બે સગીરાઓને રાખવામાં આવી જ નહોતી. હા, બે મહિના પહેલા બંગાળમાંથી એક મામા તેની બે સગીર ભાણેજને લઈને બુધવાર પેઠ આવેલા જરૂર પણ અહમદ નગરનાં કોઈ દલાલે ઊંચા ભાવે બંનેને ખરીદીને ત્યાં લઈ ગયા હતા. પણ વેચ્યા બાદ જે રકમ આવી હતી તેમાંથી સ્થાનિક પોલીસની વારંવાર ધમકીઓ અને માંગણી છતાં તેઓને ચા-નાસ્તાની રકમ ન મળતાં પોતાની ધાક જમાવવા માટે અને ડરાવવા માટે આવી રેડ પાડવામાં આવી હતી. બીજી વાત એ કે જ્યાં રેડ પડી તે બિલ્ડીંગમાં મોટા ભાગની વારંગનાઓ નેપાળથી લાવવામાં આવે છે અને તેઓ ગોરી હોવાનાં કારણે ત્યાં ખૂબ જ આવક થાય છે પણ તેઓએ પણ પૂરતી હપ્તાની રકમ ન આપવાથી તેમનાં બિલ્ડીંગમાં રેડ પાડવામાં આવી. અને એક સગીરાને પણ અહીંયા લાવવાના હતા પણ પૈસાનો તોડ કરીને અગાઉથી ચેતવી દેવામાં આવ્યા હતા જેથી તેણીને બીજે લઈ જવાઈ હતી. આ સાંભળતા મગજ એકદમ બહેર મારી ગયું.

પાંચ દિવસ પછી એ પણ જાણવા મળ્યું કે તેઓને નહીવત જેવા કાગળીયા કરીને કોર્ટે નારીસુધાર ગૃહમાં મૂકવા માટેનાં ઓર્ડર આપ્યા. શનિ-રવિની રજા હોવાથી પાંચ દિવસ પછી વારાંગનાઓને તેમના બ્રોથલ્સનાં માલિક ત્રણથી ચાર હજાર રૂપિયા ખવડાવીને પાછી છોડાવી લાવ્યા. કાગળોમાં/રિકર્ડમાં લખવામાં આવ્યું હતું કે મોટાભાગનાને તેમનાં ઘરે પરત મોકલવામાં / પુર્નવસવાટ કરવામાં આવ્યાં છે. સાથે સાથે પેલી નાની બાળકીવાળી માતાને પણ પાંચ દિવસ પોતાનાં બાળકથી અલગ રાખ્યા બાદ છોડવામાં આવી. તેણીનું રુદન બાજુનાં બિલ્ડીંગમાંથી સંભળાતું હતું કારણ કે તે પોતાની બાળકીને ગુમાવી બેઠી હતી. મોટા ભાગની વારંગનાઓ પોતાનાં ઘરે એટલે કે બુધવાર પેઠમાં પુર્નવસવાટનાં નામે પરત થઈ!

આ આખીય ઘટનાથી એ પ્રશ્નો ઊઠતા હતા કે શું પોતાનાં નાનાં બાળકને દૂધ પીવડાવવા માટે નામદાર કોર્ટની મંજૂરીની જરૂર છે? માતાએ બાળકી ગુમાવી તેનું દોષી કોણ? શું માનવ અધિકાર પર કામ કરતી સંસ્થાઓ ખરેખર માનવ અધિકાર પર કામ કરી



રહી છે? તો પછી નાની બાળકીને માતાના દૂધનાં અધિકારથી વંચિત કેમ રાખી? પોલીસની મંશા પર પણ શંકા અને સવાલો ઊભા કરે છે.

મહત્ત્વનો પ્રશ્ન તો એ છે કે શા માટે આવી સંસ્થાઓને યુ.એન. કે અન્ય આંતરરાષ્ટ્રીય ફંડ આપવામાં આવે છે? હા, સગીર બાળકીઓને વેશ્યા વ્યવસાયમાં ધકેલવી તે ઘોર અપરાધ છે પણ આ બધી સંસ્થાઓ અને રક્ષણ કરવાવાળા તેનાથી પણ મોટા ગુનેગાર છે, જેઓ પૈસા માટે પોતાની દુકાન ચલાવે છે. પોલીસ પણ આંકડા ગણાવવા માટે રેડ પાડે છે. પ્રશ્ન એ છે કે કોના પર વિશ્વાસ કરવો?

(એ-૪૧, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ- ૨, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૧૫)

## વિચારવલોણું પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂા. ૨૦/- |
| ૦૨ | લાવણ્યા(મૂ.લે.રવીન્દ્રનાથ ટાગોર) | અનુકલન : માવજી કે. સાવલા | રૂા. ૩૦/- |
| ૦૩ | સંવાદ (ગુજરાતી) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂા. ૨૫/- |
| ૦૪ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી | રૂા. ૪૫/- |
| ૦૫ | યાન્ની | સારાનુવાદ : કલ્પના શાહ | રૂા. ૩૫/- |
| ૦૬ | અલબેલી | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૩૦/- |
| ૦૭ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૦૮ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫/- |
| ૦૯ | આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ | સંપાદક : હિરાલાલ વરિયા | રૂા. ૫૫/- |
| ૧૦ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦/- |
| ૧૧ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂા. ૩૫/- |
| ૧૨ | ક્ષિતિજની ધાર પર | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૧૩ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂા. ૩૫/- |
| ૧૪ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂા. ૪૦/- |
| ૧૫ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫/- |
| ૧૬ | મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના | અનુ. અમી કંદર્પ પંડ્યા | રૂા. ૩૦/- |
| ૧૭ | આયુર્વેદના પાયા | બાલકૃષ્ણ વૈદ્ય | રૂા. ૩૫/- |
| ૧૮ | ''હા'' કે ''ના'' | અનુવાદક : દર્શા કીકાણી | રૂા. ૩૫/- |
| ૧૯. | મૃત્યુ પછી આત્માની સ્થિતિ | અનુ. કરસનભાઈ પટેલ | રૂા. ૩૫/- |
| ૨૦. | જ્યોતિર્ગમય | ભાવાનુવાદક : અશોક શર્મા | રૂા. ૨૫/- |

## ખરીદ-વા (ચેતવા જેવો નવો વા')

### હીરાલાલ વરિયા

હમણાં હમણાં 'ખરીદ-વા' નામનાં નવા વાયરસનો ઉપદ્રવ વધી ગયો હોય એવું સમાજશાસ્ત્રીઓનું અવલોકન છે. એનાં કારણમાં વિટામીન-એમનો ડોઝ ખૂબ વધી ગયો હોવાનું જણાવાઈ રહ્યું છે. 'ખરીદ-વા' અને 'ખરજવા' આ બે ય દર્દો એવા છે કે તેનાં રોગીઓનો ચેપ પોતાને ન લાગે તે માટે તેમનાં સંપર્કમાં આવનાર બીજાએ સંભાળવું જોઈએ. દિવાળીના તહેવારોમાં અને લગ્નસરાની સીઝનમાં આ 'ખરીદ-વા'નો ચેપ વાતાવરણમાં બહુ જ પ્રસરે છે. એનાથી બચવા ઈચ્છનારાંઓએ દિવાળીની (ખરી) ખરીદી, દિવાળીએ માલ બજારમાં આવે તે પહેલાં પતાવી દેવી હિતાવહ છે. કેમ કે, 'દિવાળીનાં નવા માલ'માં ખરીદ-વાનાં વાયરસ વધુ ફેલાયેલાં હોય છે. પાડોશી બહેનોએ કરેલી દિવાળીની ખરીદી જોવા જનાર બહેનોને પણ તે ખરીદીની આઈટમો અમસ્તી જોવા માત્રથી જ વાયરસની અસર થઈ જતી હોય છે. આ 'ખરીદ-વા'ની 'ખરી દવા' પાડોશીએ ખરીદેલ વસ્તુ જેવી જ વસ્તુ ખરીદી લાવવી એ જ છે.

એક આડકતરી વાત, માનસિક રોગોમાં એક 'શોપોહોલિઝમ' નામનો રોગ પણ હોવાનું તબીબી વિજ્ઞાને શોધી કાઢ્યું છે. આ રોગના રોગીને ખરીદી કરી લીધા પછી (કામચલાઉ) રાહત રહેતી હોય છે. અમુક તબીબી નિષ્ણાતો એને એક એવું 'અતિરેકભર્યું વ્યસન' ગણે છે કે જે, દર્દીનાં પરિવાર, નાણા અને જીવનમાં તબાહી સર્જે છે. આ વાતને ખરીદ-વા સાથે સંબંધ હોય એવું લાગે છે. ઈન્ડિયાના યુનિવર્સિટીનાં એપ્લાઈડ હેલ્થ સાયન્સનાં પ્રોફેસર એંગ્ઝનું માનવું છે કે, અન્ય વ્યસનોની જેમ શોપોહોલિઝમનો દર્દી જ્યારે ખરીદી કરે છે ત્યારે એનાં મગજમાં એન્ડોર્ફીન અને ડોપાઈમાઈન છૂટું કરનારા બિંદુઓ સ્વિચ ઓન થઈ જવાથી એને 'સારું' લાગે છે અને એટલે તે આનું પુનરાવર્તન કરવા પ્રેરાય છે, તેથી એનું આ વ્યસન વધુ ને વધુ જડબેસલાક થતું જાય છે.

અલબત્ત, જે લોકો રોજબરોજની કમાઈમાંથી રોજેરોજનું ખરીદીને ગાડું ગબડાવતાં હોય એમણે 'ખરીદ-વા' થી મુદ્દલ ગભરાવા જેવું નથી. કેમ કે, એમને આ રોગનાં વિષાણુઓ અસર કરી શકતા નથી. ઉલ્ટાનું એવા લોકોનાં સંસર્ગમાં રહેનારાંઓ આ 'ખરીદ-વા'ની અસરમાંથી ઝડપથી મુક્ત થઈ જતા હોય છે. જે લોકો 'ઉપરની આવકવાળા' વર્ગનાં હોય કે વિદેશોમાં કોડ નંબરવાળો બેંક એકાઉન્ટ ધરાવતા હોય તેવા લોકોમાં આ રોગનું પ્રમાણ વધુ રહેતું હોય છે. વીલ સ્મીથનું એક સુંદર વાક્ય છે. 'ઘણી બધી વ્યક્તિઓ, પોતાને જે માણસો ગમતા ન હોય તેઓનાં ઉપર પોતાનો ફાંકો પાડવા ખાતર, પોતાને જેની બિલકુલ જરૂર ન હોય તેવી ખરીદીઓ કરવા માટે, પોતે નીતિથી કમાયેલ ન હોય તેવા નાણા ખર્ચતા હોય છે.

('હળવા હાસ્યનો હલકારો, વ્યંગ વિનોદનો સથવારો'માંથી ટૂંકાવીને)





- 'વિચારવલોણું' સપ્ટેમ્બર અંક મળ્યો. આ દેશમાં સ્માર્ટ સીટી ક્યારેય બની શકે? રામાયણમાં તુલસીદાસજી જરા જુદા સંદર્ભમાં કહે છે કેટલીક સાવ અશક્ય વાતો શક્ય બને પણ ... જેમ કે અંધકાર ભલે બપોરના સૂર્યને ગળી જાય, આકાશ ભલે વાદળોમાં સમાઈ જાય, ગાયની ખરી જેટલા જળમાં અગસ્ત્ય ભલે ડૂબી જાય, પૃથ્વી ભલે પોતાની સ્વાભાવિક ક્ષમા છોડી દે, મચ્છરની ફૂંકથી ભલે મેરુ પર્વત ઊડી જાય. પણ હવે હું કહું છું કે આ દેશમાં સ્માર્ટ સીટી ન થઈ શકે, કારણ આપણા લોહીમાં ભ્રષ્ટાચાર સિવાય કાંઈ છે જ નહીં. હા, સ્માર્ટ સરકારો એક પછી એક આવતી જાય છે અને પ્રજાને ઉલ્લુ બનાવતી જાય છે. પણ પ્રજા પણ એનાથી ટેવાઈ ગઈ છે અથવા નપુંસક થઈ ગઈ છે. બોલ્યુંચાલ્યું માફ કરજો. આક્રોશ ઠલવાઈ ગયો. ઠાલવવાનું પાત્ર તમે જ બન્યાં! **(વિક્રમ વસાવડા)**
- 'વિચારવલોણું' સપ્ટેમ્બર ૨૦૧૬નો અંક ખૂબ ગમ્યો. તાજેતરમાં યજ્ઞ પ્રકાશનનું શ્રી કાંતિભાઈ શાહ લિખિત 'હિંદ સ્વરાજ, એક અધ્યયન' વાંચી એમ થતું હતું કે પૂ. ગાંધીજી જે વાત ૧૯૦૯ના વર્ષમાં સ્પષ્ટ જોઈ શક્યા હતાં તે આજે ૨૦૧૬ના વર્ષમાં પણ લગભગ સાત દાયકાના તથાકથિત સ્વરાજ પછીયે જ્યારે દેશના ગરીબો વધુ ગરીબ થઈ રહ્યા છે, શ્રમિકો શોષાઈ રહ્યા છે અને ખેડૂતો આપઘાત કરી રહ્યા છે ત્યારે પણ આપણામાંના મોટાભાગના લોકોના ધ્યાનમાં આવતી કેમ નથી?

'વિચારવલોણું'ના આ અંકમાં આપના તેમજ સર્વશ્રી રાજર્ષિ સહાય, રોહન વેંકટરામન, દીપક નાકરાણી વગેરેના લેખો વાંચી એક પ્રકારનો સંતોષ થાય છે અને થાય છે કે આ સહુને આવા વિચાર આવે છે તો સમગ્ર દેશમાં આવા પ્રકારના વિચાર ધરાવતો વર્ગ સાવ નજીવો તો નહીં જ હોય! વળી ગાંધી-વિનોબાની સંસ્થાઓ તેમ જ સાચી (genuine) સમજ ધરાવતી ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓને પણ આ વર્ગમાં ગણી શકાય અને એ બધાને સાંકળી શકાય તો, મારા નમ્ર મત મુજબ સાંઈ મકરંદ દવેના નંદીગ્રામ જેવા ગામો-ઠેર ઠેર ઊભા કરી શકાય જે પાશ્ચાત્ય સંસ્કૃતિના હાર્દ જેવા મોટાભાગના 'કુધારા'ઓને વધતા-ઓછા પ્રમાણે જાકારો આપવાથી શરૂ કરીને આ બજારો-પૈસાને અપાતી વધુ પડતી મહત્તાને તોડીને માનવીને અને માનવ્યને અગ્રતાક્રમ આપે!

આજની વાત કરીએ તો માત્ર રાજકારણીઓ જ નહીં, પરંતુ જેણે વર્ષો પહેલાં God is Dead કહીને નીતિને પણ નકારી કાઢી હતી તે પાશ્ચાત્ય સંસ્કૃતિને સમજીને કે સમજ્યા વગર પૂજતા આપણા સમાજના મોટા ભાગના લોકો જ નહીં, પરંતુ દરિદ્ર નારાયણ ગણાયેલા ભગવાન (એટલે કે તેમના પ્રતિનિધિ જેવા ધર્મગુરુઓ, પૂજારીઓ)નો ભગવાન પણ પૈસા બની બેઠો છે અને સિવાય કે આવો એનો કોઈ ઉપાય થાય. દેશના સાધારણ લોકો માટે ખાસ કોઈ આશા રાખી શકાય તેવું નથી.

**(અશોક નં. શાહ, C/o. અક્ષય એન્ટરપ્રાઈસ, ૪, મેટ્રો કોમર્શિયલ સેન્ટર, આશ્રમરોડ, અમદાવાદ-૯**

## આપણી વાત

જો તમે નિયમિત 'વિચારવલોણું' વાંચતા હો, જો તમને એ ગમતું હોય, જો તમને એમ લાગતું હોય કે આ પ્રવૃત્તિ માત્ર પૈસાને કારણે બંધ ના પડવી જોઈએ તો તમે નીચેનાં કામોમાંથી તમને યોગ્ય લાગે તે કરી શકો.

- તમારું ત્રણ કે પાંચ વર્ષનું કે કાયમી લવાજમ સમયસર ભરી દો.
- તમે કમસે કમ બે નવા મિત્રોને તૈયાર કરો, જે લવાજમ ભરીને ગ્રાહક બને.
- તમે એવી થોડીક વ્યક્તિઓ કે સંસ્થાઓ પસંદ કરો, જેમને તમારા મતે 'આપણું વિચારવલોણું' મળવું જોઈએ. તમે એમનું ત્રણ કે પાંચ વર્ષનું લવાજમ ભેટમાં આપી શકો.
- તમે નાની-મોટી રકમ અમને દાન તરીકે અથવા વ્યાજમુક્ત લોન તરીકે આપો. જેનું વ્યાજ અમે રાખીએ પણ મૂળ રકમ તમારી જ રહે. તમે માગો ત્યારે તે રકમ તમને પાછી મળી જાય.
- સારા-માઠા પ્રસંગે અમારી પુસ્તિકાઓ ખરીદીને ભેટ આપો.
- અમારો કોઈ અંક કે પુસ્તિકાને માટે રૂ. ૧૫,૦૦૦ આપીને સ્પોન્સર કરી શકો.
- તમને ગમેલી અમારી પુસ્તિકાઓને જાતે છાપવાને બદલે અમારી પાસેથી ખરીદો. એ નાની આવક અમને ટકી રહેવાનું બળ આપે છે.
  આશા છે કે આ બાબતો પર વિચાર કરીને આપ ઘટતું કરશો.
  તમારાં સૂચનો આવકાર્ય છે.
- **હવે આપણને ઈન્કમટેક્ષમાં રાહત આપવા માટે "80G" સર્ટિફિકેટ આપવાની મંજૂરી મળી ગયેલ છે, જે સૌની જાણ સારુ.**

**- ટ્રસ્ટીઓ અને સંપાદકો : વિચારવલોણું પરિવાર**

---

- એક સદ્‌ભાવી બિનનિવાસી ભારતીય અને ગાંધીપ્રેમી શ્રી ભદ્રકુમાર બુટાલાની ભાવના અને સહયોગના ભાગરૂપે, સામાજિક નિસ્બતથી ચાલતા શિષ્ટ સામયિકોને બળ આપવાના હેતુથી આપના સામયિકને આ સાથે સહયોગ રાશિ મોકલું છું.

આ સહયોગ રાશિ પેટે સંલગ્ન યાદીમાં સૂચવેલા દશ મિત્રોને આપનું પ્રકાશન નિયમિતપણે મોકલશો તો આનંદ થશે.

(હસમુખ પટેલ, ટ્રસ્ટીશ્રી, સંવેદના ટ્રસ્ટ, અમદાવાદ)





## વિદેશમાં સ્થાયી થવાની પ્રબળ ઈચ્છા

દેશની જાણીતી શિક્ષણસંસ્થાઓના અડધાથી વધુ સ્નાતકો વિદેશ જતા રહે છે. જે વધે તેમાંના ઘણા દેશની મોટી નામાંકિત સંસ્થાઓમાં ઊંચા પગારે જોડાઈ જાય છે. આથી જે નાની સંસ્થાઓ છે તેમને કોઈ યોગ્ય માણસો મળતા નથી. આ આજની પરિસ્થિતિ છે.

ઘણા દસકાઓથી આપણે ત્યાં યુવાનોમાં અને મા-બાપોને પણ પોતાના બાળકો માટે એવી આકાંક્ષા રહી છે કે સારું ભણવા માટે કોઈ વિકસીત દેશમાં જવાનું અને પછી ત્યાં જ કાયદેસર કે ગેરકાયદેસર સ્થાયી થઈ જવાનું. તેઓ માને છે કે જો તમારે તમારી કારકિર્દી બનાવવી હોય, વધારે નામ-દામ કમાવા હોય તો આ દેશમાંથી વહેલી તકે બહાર નીકળો.

તમે વિકસિત દેશમાં ભણો એટલે તમારામાં રહેલું સત્ત્વ, તમારી આવડતો બહાર આવવાની શક્યતાઓ વધી જાય. તમારા માતા પિતાએ તમારા પાછળ કરેલા આ ખર્ચાને હળવો કરવા તમે થોડો વખત ત્યાં નોકરી કરો. તમે જે અનુભવ મેળવ્યો છે તેને અનુરૂપ દેશમાં કામ મળવું મુશ્કેલ છે. જો મળશે તો પણ તમને તમારી રીતે કામ કરવાની સ્વતંત્રતા નહીં હોય. આવા કારણોસર તમે ત્યાં કાયમી થઈ જાવ છો.

હવે તમને તમારો દેશ પછાત, ગંદો, અસભ્ય, ભ્રષ્ટ, સારું જીવન જીવવા માટે અણગમતો લાગે છે. (તમારી આ લાગણી સાવ ખોટી તો નથી જ.) તમે દેશપ્રેમી છો. પણ દૂર બેસીને 'ભારતમાતા કી જય' બોલાવવા પૂરતા.'

આ બધા સાથે એ પણ ખરું તે તમારી એવી અપેક્ષા હોય છે જ કે યુદ્ધ (દુબઈ) કે બેકારી (ગલ્ફના દેશો)ના સમયમાં કે સરમુખત્યાર (ઈદી અમીન)ના દબાણો સામે તમારા દેશની સરકાર 'તેની ફરજના ભાગરૂપે' તમને બચાવવા આવે.

તમે સરકારી કોલેજમાં ભણ્યા છો ત્યારે તમારો ભણવાનો અડધાથી વધારે ખર્ચ આ ગરીબ દેશની સરકારે (કર ભરનારા લોકોએ) ઉપાડ્યો છે. હવે તમે ભણીને એ દેશને કોઈ કામમાં નથી આવતા. દેશના વિકાસમાં મદદરૂપ થવાની કોઈ લાગણી, જવાબદારી ખરી?

આને શું કહેશું? ભારતની બુદ્ધિની નિકાસ (brain drain) ? અંગત સ્વાર્થને કારણે દીધેલો દેશને જાકારો? કે વ્યક્તિગત વિકાસ અને આર્થિક સલામતીનો પસંદ કરેલો રાહ? જો આમીરખાનની પત્ની પોતાના બાળકોની સલામતી માટે દેશ છોડીને જવાની વાત કરે તો 'દેશદ્રોહ'ની રાડારાડ મચી જાય છે. તો આપણા આ દીકરા, દીકરીઓને શું કહેશું? શું આપણો દેશ વૃદ્ધ, નિવૃત્ત, એકાંત ભોગવતા આર્થિક રીતે સમૃદ્ધ માતાપિતાનો દેશ નથી બની રહ્યો?

આ બ્રેઈનડ્રેઈન અટકાવવાના કોઈ રસ્તા ખરા? ઉપરાંત આર્થિક સદ્ધરતાની કોઈ હદ ખરી? જીવનનો આનંદ અને સંતોષ આપણી પાસેના લખલૂટ પૈસા અને અઢળક વસ્તુઓમાં જ સમાઈ જાય? તમારા વિચારો ૩૦મી નવેમ્બર સુધીમાં લખીને મોકલી આપો.

**મુનિ દવે** (samanvay.sys.@gmail.com)